dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 297 | AD - 2025, Sravan Sud-07 | Thursday, Dt.31-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### હવાઈ, ચિલી, જાપાન અને સોલોમન ટાપુઓના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં ભરતીના સ્તરથી એક થી ત્રણ મીટર ઉપર મોજા ઉછળવાની સંભાવના

# રશિયામાં ૮.૮ની તીવ્રતાનો ભૂકંપ : સુનામીનો ભય ફેલાયો

(એચ.એસ.એલ),મોસ્કો,તા.૩૦

રશિયાના કામચાટકા દ્વીપકલ્પમાં ૮.૮ ની તીવ્રતાના સુપરપાવર ભૂકંપના ઘણા ભયાનક વીડિયો સામે આવી રહ્યા છે. એક વીડિયોમાં કાર ઝૂલતી નજરે પડે છે, જ્યારે બીજા વીડિયોમાં લોકો ગભરાટમાં દોડતા નજરે પડે છે. એક વીડિયોમાં દરિયાના મોજા ઉછળતા જોઈ શકાય છે. સુનામીના મોજાઓની ચેતવણીથી લોકોમાં વધુ ગભરાટ ફેલાયો છે. ભૂકંપ અને સુનામીની તીવ્ર અસરો જોઈને, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ગભરાઈ ગયા છે. રશિયામાં આવેલા ભયંકર ભૂકંપ પછી ટ્રમ્પે એક નિવેદન બહાર પાડ્યું છે અને બધાને તેના વિશે ચેતવણી આપી છે. ભૂકંપ એટલો ખતરનાક હતો કે પાર્કિંગમાં પાર્ક કરેલી કાર ઝૂલતી નજરે પડી હતી. તેનો વીડિયો પણ સામે આવ્યો છે, જેને જોઈને તમે પોતે પણ અંદાજ લગાવી શકો છો.

જાપાનના મતે, આ ભૂકંપ રશિયાના કામચાટકા દ્વીપકલ્પ નજીક આવ્યો છે. હવે આ ભયંકર ભૂકંપના ઘણા વીડિયો બહાર આવી રહ્યા છે, જેને જોઈને તમે તેના ખતરનાક સ્વરૂપનો પણ સરળતાથી અંદાજ લગાવી શકો છો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ ટ્રૂથ સોશિયલ પર લખ્યું, ‘‘અલાસ્કા અને અમેરિકાના પેસિફિક કિનારા માટે સુનામીનું નિરીક્ષણ ચાલુ છે. જાપાન પણ રસ્તામાં છે.’’ તેમણે ચેતવણી આપી હતી કે આ ભૂકંપ પછી, પેસિફિક ક્ષેત્રના ઘણા ભાગોમાં, ખાસ કરીને અલાસ્કા અને અમેરિકાના પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારો માટે, તેમજ જાપાન પણ સંભવિત અસર ક્ષેત્રમાં છે, સુનામીનો ભય છે. તેમની પ્રતિક્રિયા સ્પષ્ટ કરે છે કે અમેરિકાનું રાજકીય નેતૃત્વ આ કુદરતી આફત અંગે સતર્ક છે. જો કે, તેમનું નિવેદન ઔપચારિક સરકારી ચેતવણીના રૂપમાં નહીં પરંતુ વ્યક્તિગત અથવા રાજકીય ટિપ્પણી તરીકે આવ્યું છે.



રશિયાના કુરિલ ટાપુઓ અને જાપાનના મોટા ઉત્તરીય ટાપુ હોકાઈડોના દરિયાકાંઠાના વિસ્તારોમાં બુધવારે વહેલી સવારે ૮.૮ ની તીવ્રતાના ભૂકંપ બાદ મંગળવારે હોનોલુલુમાં સુનામી ચેતવણીના સાયરન વાગવા લાગ્યા. લોકોને ઊંચા સ્થળોએ જવા માટે કહેવામાં આવ્યું હતું. જાપાન હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે લગભગ ૩૦ સેમી ઉંચી પ્રથમ સુનામી લહેર હોકાઈડોના પૂર્વ કિનારા પર નેમુરો પહોંચી હતી. સ્થાનિક ગવર્નર વેલેરી લિમારેન્કોએ જણાવ્યું હતું કે સુનામીનું પહેલું મોજું પેસિફિક મહાસાગરમાં રશિયાના કુરિલ ટાપુઓના મુખ્ય વસાહત સેવેરો-કુરિલ્સ્કના દરિયાકાંઠાના વિસ્તારમાં પહોંચ્યું હતું.

પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રે જણાવ્યું હતું કે હવાઈ, ચિલી, જાપાન અને સોલોમન ટાપુઓના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં ભરતીના સ્તરથી એક થી ત્રણ મીટર ઉપર મોજા ઉછળવાની સંભાવના છે. રશિયા અને ઈક્વાડોરના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં ત્રણ મીટરથી ઊંચા મોજા ઉછળવાની સંભાવના છે. પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રે જણાવ્યું હતું કે ભૂકંપને કારણે સુનામી આવી છે જેના કારણે તમામ હવાઈયન ટાપુઓના દરિયાકાંઠાના વિસ્તારોમાં નુકસાન થવાની સંભાવના છે. ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘જીવન અને સંપત્તિનું રક્ષણ કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

રશિયાના પૂર્વ કિનારે કામચાટકા દ્વીપકલ્પ નજીક એક શક્તિશાળી ભૂકંપ આવ્યો. આ કારણે, રશિયા, જાપાન, ગુઆમ, હવાઈ અને અલાસ્કામાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે સમુદ્રમાં ૧ થી ૩ મીટર ઊંચા મોજા ઉછળી શકે છે. રશિયામાં ૮ થી વધુ તીવ્રતાના ભૂકંપથી દૂર પૂર્વ જાપાન, અલાસ્કા, હવાઈમાં સુનામીની ચેતવણીઓ જાહેર કરવામાં આવી છે. વહેલી સવારે ૮.૮ ની તીવ્રતાના ભૂકંપ બાદ રશિયાના કુરિલ ટાપુઓ અને જાપાનના મોટા ઉત્તરીય ટાપુ હોકાઈડોના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામી આવી હતી.

અલાસ્કા સ્થિત રાષ્ટ્રીય સુનામી ચેતવણી કેન્દ્રે અલાસ્કા એલ્યુશિયન ટાપુઓના કેટલાક ભાગો માટે સુનામીની ચેતવણી જારી કરી છે. કેલિફોર્નિયા, ઓરેગોન, વોશિંગ્ટન અને હવાઈ સહિત પશ્ચિમ કિનારાના કેટલાક ભાગો માટે પણ ચેતવણી જારી કરવામાં આવી છે. આ ચેતવણી અલાસ્કાના દરિયાકાંઠાના મોટા ભાગને પણ આવરી લે છે, જેમાં પેનહેન્ડલનો સમાવેશ થાય છે.

### ‘આતંકવાદ અને ક્રિકેટ સાથે ન ચાલી શકે : સ્પોન્સર્સ કંપનીઓ

# વર્લ્ડ ચેમ્પિયનશીપ ઓફ લીજેન્ડસમાં ભારતે પાકિસ્તાન સામે રમવાનો ઈન્કાર કર્યો

મુંબઈ,તા.૩૦

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લીજેન્ડ્સ (WCL)માં ભારત અને પાકિસ્તાન વચ્ચેનો પહેલો સેમિફાઈનલ મુકાબલો નહીં થાય. આ મેચ ૩૧ જુલાઈએ બર્મિંગહામમાં રમાશે. રિપોર્ટ અનુસાર, ભારતીય ખેલાડીઓએ બીજી વખત પાકિસ્તાન સામે રમવાનો ઈનકાર કર્યો છે. બુધવારે થોડા સમય પહેલાં લીગની સ્પોન્સર કંપનીએ સેમિફાઈનલમાંથી ખસી જવાની જાહેરાત કરી હતી. સ્પોન્સર કંપની EzMyTripના સહ-સ્થાપકે એક પોસ્ટમાં લખ્યું હતું- ‘આતંકવાદ અને ક્રિકેટ સાથે ન ચાલી શકે.’



અગાઉ ૨૦ જુલાઈએ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન સામે રમવાનો ઈનકાર કર્યો હતો. આ પછી આ મેચ રદ કરવામાં આવી હતી. આ પછી WCLના આયોજકોએ ભારતીય ચાહકોની માફી પણ માગી હતી. WCL એક ખાનગી લીગ છે, જેમાં વિશ્વભરના નિવૃત્ત ક્રિકેટરો પોતપોતાના દેશની ટીમ બનાવીને ભાગ લે છે.

### આઇએમએફએ વર્લ્ડ ઇકોનોમિક આઉટલુકમાં જણાવ્યું

# નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા રહેવાની ધારણા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૦

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે ભારતના આર્થિક વિકાસ દર વિશે મોટો દાવો કર્યો છે. આઈએમએફે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માં ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા રહેવાની ધારણા છે. મજબૂત વપરાશ અને જાહેર રોકાણને કારણે વિકાસ દર વધશે. આ દેશમાં સ્થિર વિકાસને વેગ આપશે. આઈએમએફએ વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકમાં જણાવ્યું હતું કે ભારતના આર્થિક વિકાસ દરમાં વધારો એપ્રિલની આગાહી કરતા ઘણી સારી પરિસ્થિતિ દર્શાવે છે.



ભારત માટે ડેટા અને અંદાજ નાણાકીય વર્ષના આધારે રજૂ કરવામાં આવે છે. ભારતમાં વૃદ્ધિ અંદાજ ૨૦૨૫ માટે ૬.૭ ટકા અને ૨૦૨૬ માટે ૬.૪ ટકા છે. જાહેરાતમાં આઈએમએફ સંશોધન વિભાગના વડા ડેનિઝ એગને જણાવ્યું હતું કે ભારતમાં ખરેખર ખૂબ સ્થિર વૃદ્ધિ થઈ છે. આ વર્ષ અને આગામી વર્ષ માટે ૬.૪ ટકાનો વિકાસ દર એપ્રિલની તુલનામાં થોડો સુધારો છે. ભારત માટે આ પ્રમાણમાં સ્થિર વૃદ્ધિનું ચાલક એ હકીકત છે કે સુધારાની ગતિ મજબૂત વપરાશ વૃદ્ધિ અને જાહેર રોકાણને પ્રોત્સાહન આપી રહી છે.

# જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં સરહદ પર બે આતંકીઓને ઠાર મારતું સુરક્ષા દળ

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૩૦

જમ્મુ અને કાશ્મીરમાં સરહદ પર સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સુરક્ષા દળોએ ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. બે આતંકવાદીઓને ઠાર મારવામાં સફળતા મળી છે.

માહિતી અનુસાર, જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં સરહદ પારથી ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. સરહદ પર તૈનાત સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા છે.



સુરક્ષા દળોનું ઓપરેશન હજુ પણ ચાલુ છે. જમ્મુ અને કાશ્મીરમાં સરહદ પર પૂંછ જિલ્લામાં ભારત-પાકિસ્તાન નિયંત્રણ રેખા પર સ્થિત દિગવાર સેક્ટરમાં સુરક્ષા દળોએ ઘૂસણખોરીનો પ્રયાસ થતો જોયો. શંકાસ્પદ ગતિવિધિઓ જોયા બાદ સતર્ક સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો. આતંકવાદીઓએ પણ ગોળીબાર કર્યો જેમાં સુરક્ષા દળોને બે આતંકવાદીઓને ઠાર મારવામાં સફળતા મળી હતી.

# ૧૨ એપ્રિલથી ૨૨ જૂન સુધી પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે એકપણ કોલ થયો નથી : જયશંકર

ન્યૂ દિલ્હી,તા.૩૦



સંસદમાં ચોમાસુ સત્રનો ૮મો દિવસ છે. રાજ્યસભામાં સતત બીજા દિવસે ઓપરેશન સિંદૂર પર ચર્ચા થઈ રહી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું - અમે દુનિયા સામે પાકિસ્તાનને ઉઘાડું પાડ્યું. લોહી અને પાણી એકસાથે ચાલશે નહીં. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે દુનિયાના કોઈપણ નેતાએ ભારતને આ ઓપરેશન બંધ કરવા કહ્યું નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે કોઈ વાતચીત થઈ નથી. અમે અમેરિકા, સાઉદી અરેબિયા સહિત ઘણા દેશો સાથે ચર્ચા કરી હતી. બધા કોલ્સ રેકોર્ડ પર છે. તે મારા સોશિયલ મીડિયા હેન્ડલ પર પણ છે. અમે બધાને કહ્યું કે જો પાકિસ્તાન યુદ્ધ રોકવા માંગે છે, તો તેણે અમારા DGMO ચેનલ દ્વારા અમને વિનંતી કરવી જોઈએ. આ દરમિયાન જયરામ રમેશે બોલવાનું શરૂ કર્યું. હરિવંશે તેમને ખુરશી પરથી અટકાવ્યા અને કહ્યું કે આ યોગ્ય પરંપરા નથી. આ અંગે જયશંકરે કહ્યું કે હું તેમને કહેવા માંગુ છું કે, કાન ખોલીને સાંભળી લો... ૧૨ એપ્રિલથી ૨૨ જૂન સુધી, વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે એક પણ ફોન કોલ થયો નથી. કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ કહ્યું, વિદેશ મંત્રી જયશંકરે આજે રાજ્યસભામાં કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કોઈ વાતચીત કરી નથી. જ્યારે ટ્રમ્પે કહ્યું કે યુદ્ધવિરામ થવો જોઈએ, ત્યારે અમે સ્પષ્ટ કર્યું કે અમને હસ્તક્ષેપની જરૂર નથી. વિદેશ મંત્રી જયશંકરે કહ્યું, જે લોકો ઓપરેશન સિંદૂર અંગે સવાલો ઉઠાવી રહ્યા છે, તેમના માટે ત્રણ બાબતો છે. પ્રથમ- યુટ્યુબ પર જાઓ અને તમને ઘણા બધા વીડિયો મળશે જેમાં કેટલા પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હતા. તેમના અંતિમ સંસ્કારમાં કોણે હાજરી આપી હતી. બીજી- આપણે પાકિસ્તાનને કેટલું નુકસાન પહોંચાડ્યું છે તેના પુરાવા છે. તેમના એરબેઝની સ્થિતિ અને પરિસ્થિતિ કેવી હતી તે જુઓ. ત્રીજી- બહાવલપુર અને મુરીદકે વિશે આખી દુનિયા જાણે છે કે અહીં આતંકવાદી અડ્ડાઓ છે. અમે તેને ઉડાવી દીધા છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા. ૩૧-૦૭-૨૦૨૫

## અમરેલીથી ભોજલધામ જતા રોડને બદલે અન્ય જગ્યાએ

# મરેલા પશુના કાયમી નિકાલ અંગે નગરપાલિકામાં રજૂઆત

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લા ખેડૂત હિત રક્ષક સમિતિના પ્રમુખ નંદલાલ ભડકણે અમરેલીથી ફતેપુર (ભોજલધામ) તરફ જતા રોડ સાઈડ મરેલા પશુ નાખવાથી શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાતી હોવાનું નગરપાલિકાના સત્તાધિશોને પત્ર લખીને જણાવ્યું છે. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમરેલીથી ફતેપુર (ભોજલધામ) ખંભાળીયા, ચાંપાથળ, પીઠવાજાળ, તરકતળાવ, રાજસ્થળી ગામોને જોડતા આ રોડની સાઈડમાં મરેલા પશુના હાડકા, માંસ, ચામડા નખાતા હોવાથી અહીં અતિ દુર્ગંધ આવે છે. આથી ઉપરોક્ત તમામ ગામના લોકો આ રોડ પરથી પસાર થાય ત્યારે અતિ દુર્ગંધ આવવાના કારણે રાહદારીઓ ત્રાહીમામ પોકારી જાય છે. આ ઉપરાંત ફતેપુર ગામમાં



સંતશ્રી ભોજલરામ બાપાનું મંદિર હોવાથી અનેક શ્રધ્ધાળુઓ પગપાળા ચાલીને પણ અહીં પોતાની માનતા પુરી કરવા આવતા હોઈ જેથી રસ્તા ઉપર હાડકા, માંસ વગેરેના કારણે શ્રધ્ધાળુઓની લાગણી પણ દુભાય છે. ૩/૮/૨૦૨૫ના રોજ સંતશ્રી ભોજલરામ બાપાની ૨૪૨મી જન્મ જયંતિ હોવાથી નાગનાથ મહાદેવ મંદિરથી ભોજલધામ પદયાત્રા યોજાશે, જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે.

જેથી રોડ સાઈડ અતિ દુર્ગંધ મારતી ગંદકી સત્વરે દુર કરવા તેમજ કાયમી ધોરણે અહીં ગંદકીનું નિરાકરણ લાવવા માગણી કરવામાં આવી છે. આ પત્રની નકલ જિલ્લા કલેક્ટરને પણ મોકલી છે.

# મોટા લીલીયા અને ગારિયાધાર તાલુકાના બે ગામને જોડતો રોડ બનાવવા અમરેલી જિલ્લા પંચાયતમાં રજૂઆત

મોટા લીલીયા,તા.૩૦

મોટા લીલીયાના જાગૃત નાગરિક અશ્વિનભાઈ બલરે મોટા લીલીયા અને ગારિયાધાર તાલુકાના ગામ કલ્યાણપર, મોટા ચારોડિયાને જોડવા રોડ બનાવવા બાબતે અમરેલી જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગમાં પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા દરેક ગામને સડક સાથે જોડવાની જે યોજના છે તેમાં કલ્યાણપરથી મોટા ચારોડિયાને જોડતો છ કિલોમીટર જેટલો રસ્તો બિસ્માર હાલતમાં છે. તેની બન્ને સાઈડ બોરડી-બાવળ વિગેરે કાંટાવાળા વૃક્ષો હોવાથી નાગરિકોને આવવા જવાની ખુબ જ મુશ્કેલી પડે છે. હાલમાં એકબીજા ગામમાં જવા આવવા ખુબ જ મોટા અંતરથી જવુ પડે છે જે ૧૫ કિલોમીટર જેટલું અંતર થઈ જાય છે. અગાઉ આ રસ્તે એસટી બસ ગારીયાધારથી લાઠી સવાર-સાંજ ચાલતી હતી અત્યારે વરસાદને લીધે ટુવ્હીલ પણ ચાલે તેવો રસ્તો નથી. આથી આ સમસ્યાનું નિરાકરણ લાવવા માગણી થઈ છે. આ પત્રની નકલ મામલતદાર-મોટા લીલીયા, સાંસદ-અમરેલી, ધારાસભ્ય-સાવરકુંડલા-લીલીયા, જિલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ દુધાત અને તાલુકા પંચાયત ઉપપ્રમુખ જગુભાઈ દેથલીયાની મોકલી છે.

# સાવરકુંડલામાં આવેલ કાણકીયા કોલેજ ખાતે વિદ્યાર્થી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સાવરકુંડલા તા.૩૦

સાવરકુંડલા સ્થિત અને નૂતન કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી વી.ડી. કાણકીયા આર્ટ્સ અને શ્રી એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે તા.૨૮ જુલાઈ સોમવારના રોજ વિદ્યાર્થીઓની કેમ્પસ સહકારી મંડળીની "વાર્ષિક સાધારણ સભા"



અને વિદ્યાર્થી-સભાસદો માટે છ દિવસના "યુવક સહકાર પ્રશિક્ષણ વર્ગ"નો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આખાય ભારત દેશમાં કોલેજ ખાતે વિદ્યાર્થીઓની સહકારી મંડળીની રચના થઈ હોય તેની શરૂઆત ગત વર્ષે સાવરકુંડલાની કાણકીયા કોલેજથી થઈ હતી. કોલેજના આચાર્ય ડૉ. રવિયા સાહેબે આવેલા તમામ સહકાર ક્ષેત્રના શ્રેષ્ઠિઓ અને મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

# જાફરાબાદના ટીંબી ગામે ૯૦૦ વિઘા ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવી

જાફરાબાદ,તા.૩૦

અમરેલી જિલ્લામાં ભૂમાફિયાઓએ ગૌચરની જમીનને પણ છોડી નથી. આવા તત્વો જયાં ખુલ્લી જગ્યા ભાળે ત્યાં દબાણ કરી લેતા હોય જેથી આવા ઈસમો સામે કડક કાર્યવાહી માટે જાફરાબાદના ટીંબી ગામમાં ગૌચરની જમીન



તસવીર : બાબુભાઈ વાટેળ

પર થયેલા દબાણો હટાવવા માટે તંત્ર દ્વારા મેગા ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. ગૌચર પર દબાણ કરવામાં આવ્યું હોવાની અનેકવાર રજૂઆત બાદ સક્રિય થયેલા તંત્રએ, પોલીસ અને મામલતદાર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં ૯૦૦ વીઘા ગૌચરની જમીનને દબાણમુક્ત કરાવી હતી. આ કાર્યવાહીમાં કરોડો રૂપિયાની કિંમતની જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

# સાવરકુંડલા માનવ મંદિરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરાયું

અમરેલી,તા.૩૦

સાવરકુંડલા ખાતે હાથસણી રોડ ઉપર આવેલા માનવ મંદિરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે માટે મોગલ મા માનવસેવા ટ્રસ્ટ ચલાલા દ્વારા ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનવ મંદિરના ભકિતરામ બાપુએ મોગલ મા માનવસેવા ટ્રસ્ટ ચલાલાના રાજુભાઈ



જાની અને તેમની ટીમ દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી થતી અવિરત સેવાઓને બિરદાવી હતી અને આવી સેવા કે પ્રવૃત્તિઓ ચાલુ રહે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

# સાવરકુંડલાની શાળા નં.૫માં ફ્રી સેનેટરી પેડ વિતરણ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૩૦



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાની શાળા નં.૫માં ફ્રી સેનેટરી પેડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ હેઠળ શાળાની ૯૫ વિદ્યાર્થિનીઓને કુલ ૧૯૦૦ ફ્રી સેનેટરી પેડ્‌સ વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના તબીબી માર્ગદર્શન માટે ડૉ. દર્શના શિયાળની વિશેષ હાજરી રહી હતી. તેઓએ માસિક ધર્મ ચક્ર, તેની હાઈજીન જાળવણી, આરોગ્ય ઉપર થતી અસર તથા તેની યોગ્ય સંભાળ વિશે માહિતી આપી હતી.

# ખાંભાના મોટા સમઢીયાળા આરોગ્ય મંદિરને નેશનલ કક્ષાનો એવોર્ડ મળ્યો

ખાંભા,તા.૩૦

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ગુણવત્તા યુક્ત કામગીરીના મૂલ્યાંકન માટે નેશનલ લેવલની ટીમ ૧૨ જૂનના રોજ ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે આવી હતી, જ્યાં આ ટીમ દ્વારા આરોગ્યલક્ષી સેવાનું ખૂબ જ બારીકાઈથી મૂલ્યાંકન કરી તેનો અહેવાલ અને ચેક લિસ્ટ ભારત સરકારમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં મોટા સમઢીયાળા આરોગ્ય મંદિરને



તસવીર : રૂચિત મહેતા

૯૮.૨૧% રેન્ક મળતા અમરેલી જિલ્લામાં બીજો ક્રમ મેળવ્યો છે જે બદલ જિલ્લા આરોગ્ય અધિકારી સહિત તાલુકા હેલ્થ ઓફિસર, મેડિકલ ઓફિસર સહિતનાઓએ મોટા સમઢીયાળાના આરોગ્ય મંદિરના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# બગસરા વાળંદ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

બગસરા,તા.૩૦

બગસરા વાળંદ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજ તથા એસોસિએશનના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. બગસરામાં વાળંદ સમાજના સેન મહારાજ સોશિયલ ગ્રુપ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહનું



આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાલવાટિકાથી ધોરણ ૧૨ સુધીના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સમાજ શ્રેષ્ઠિઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી. રીબડીયા, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, જ્ઞાતિ અગ્રણી સુરેશભાઈ બુંધેલીયા, ભરતભાઈ પાડલીયા સહિતનાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા દેવભૂમિ દેવળીયા ખાતે મેડિકલ કેમ્પ યોજાયો

અમરેલી, તા.૩૦

રોટરી કલબ ઓફ અમરેલી ગીર તેમજ દેવભૂમિ દેવળીયા ગ્રામ પંચાયત દ્વારા દેવભૂમિ દેવળીયામાં મફત ફિઝીયોથેરાપી કેમ્પ અને કાનની બહેરાશનો નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં દેવભૂમિ દેવળીયાના સરપંચ ભાવનાબેન સુખડીયા, ગ્રામ પંચાયતના ઉપ



સરપંચ ધર્મિષ્ઠાબેન સોલડીયા, તા.પં. સભ્ય ભાવેશભાઈ સોલડીયા, ગ્રામ પંચાયત સભ્યો, વિપુલભાઈ રાઠોડ, જયેશભાઈ ચકરાણી, હિતેશભાઈ માધડ, કંચનબેન માધડ, રોટરી ગીરના પ્રેસિડેન્ટ ત્રિલોકભાઈ ભટ્ટ, સેક્રેટરી નિરવભાઈ ઝીંઝુવાડીયા, ડૉ. ચિરાગ કોલડિયા, ડો. વિજયભાઈ ગોજીયાના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ કુલ ૫૪ ગ્રામજનોને સાંધાના દુઃખાવા, સ્નાયુઓની જડતા માટે તપાસ અને સારવાર આપવામાં આવી હતી.







## નવી બસ આવતા વધારાના નવા એસ.ટી. રૂટ શરૂ થાય તેવી મુસાફરોને આશા

# અમરેલી એસ.ટી.ડિવિઝનને ૬ નવી બસ મળતા મુસાફરોમાં આનંદ

**કોડીનારને બાદ કરતા તમામ ડેપોને ૧-૧ બસ ફાળવવામાં આવી**

અમરેલી,તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતે ૧૫૧ નવી એસ.ટી.બસને લીલી ઝંડી આપી હતી. જેમાં અમરેલી એસ.ટી.ડિવિઝનને કુલ ૬ નવી બસ ફાળવવામાં આવી છે. જેથી જિલ્લાની જનતાને નવી બસના લાભ સાથે નવા રૂટ શરૂ થાય તેવી આશા વ્યકત કરવામાં આવી છે. એસ.ટી.ના અધિકારીઓ તરફથી મળતી માહિતી મુજબ રાજયમાં ૧૫૧ નવી બસને લીલી ઝંડી આપવામાં આવી છે તેમાંથી ૬ નવી બસ અમરેલી એસ.ટી.ડિવિઝનને ફાળવવામાં આવી છે. આ બસ સુપર ડિલક્સ, ૧૧ મીટર લાંબી અને ૫૨ સીટર બસ છે. સેન્ટ્રલ ઓફિસ વર્કશોપ મેનેજર પટેલના જણાવ્યા મુજબ અમરેલી, બગસરા, ધારી, ઉના, રાજુલા અને સાવરકુંડલા ડેપોને ૧-૧ બસ ફાળવવામાં આવી છે. જેમાં નવી બસ અમરેલી-કૃષ્ણનગર, બગસરા-વડીયા-કૃષ્ણનગર, સાવરકુંડલા-રાજુલા-રાજકોટ, રાજુલા-ભાવનગર, ઉના-ઓખા અને ધારી-કૃષ્ણનગર બસ દોડાવવામાં આવશે. અમરેલી એસ.ટી.ડિવિઝનમાં નવી બસના આગમનથી નવા રૂટ શરૂ કરવામાં આવે તેવી મુસાફરોએ માંગ ઉઠાવી છે.

**બગસરા-માતાના મઢ બસ શરૂ કરવાની મુસાફરોએ માંગ કરી**

બગસરા ડેપોને પણ નવી બસ મળતા બગસરા ડેપોથી સીધી મોરબી-કચ્છ માટે એકપણ બસ ઉપલબ્ધ ન હોવાથી બગસરા-માતાના મઢ વાયા વડીયા-રાજકોટ-મોરબી બસ શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આ બસ શરૂ કરવા માટે પેસેન્જર એસો., ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વેપારી મહામંડળ જેવી અનેક સંસ્થાઓ દ્વારા છેલ્લાં ઘણા સમયથી માંગ કરવામાં આવી રહી છે. હાલ બગસરા ડેપોમાં સૌથી વધુ ૪૧ કંડકટરોની ફાળવણી કરવામાં આવી છે ત્યારે મુસાફરોની માંગણીને ધ્યાને લઈ તાત્કાલિક આ બસ શરૂ કરવામાં આવે.

# ખાંભામાં મિલકત સંબંધી ગુના આચરનાર ઈસમને પાસા તળે જેલમાં ધકેલાયો

અમરેલી,તા.૩૦



અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મિલકત સંબંધી ગુનાઓ આચરતો ઈસમ અક્ષય બચુભાઈ જોળીયા રહે. દુધેરી ડોળીયા હાલ પીપળવા તા.ખાંભા વિરુદ્ધ અમરેલી એલસીબીએ પુરાવા એકત્ર કરી પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપતા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા અક્ષય જોળીયાને મહેસાણા જિલ્લા જેલ ખાતે મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

# કારગિલ વિજય દિવસ નિમિત્તે N.S.S. વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

અમરેલી,તા.૩૦




કારગિલ વિજય દિવસ નિમિત્તે અમરેલી ખાતે શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે NCC વિભાગ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો, જ્યારે N.S.S. વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના IAS અધિકારી અતુલ સિંઘ અને SP સહિત શહીદોના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. ગિરીશ વેલિયત, N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંક, કોલેજનો સમગ્ર સ્ટાફ અને N.S.S. ના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મળીને કારગિલ વિજય દિવસની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરી, શહીદ વીર જવાનોને ભાવાંજલિ અર્પી હતી. કાર્યક્રમનું સુચારુ સંચાલન N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલી બસ સ્ટેન્ડ નજીક મહાકાય વૃક્ષ ધરાશાયી, કેબીનધારકોને નુકસાન

**વૃક્ષ ધરાશાયી થતા એક તરફનો માર્ગ બંધ થતા ટ્રાફિક જામ**

અમરેલી,તા.૩૦




અમરેલી બસ સ્ટેન્ડ મુખ્ય રોડ પર જૂની તાલુકા પંચાયત બહાર એક મહાકાય વૃક્ષ ધરાશાયી થયું હતું. આ વૃક્ષ નાના વેપારીઓની ત્રણ કેબિનો પર પડતા તેમને ભારે નુકસાન થયું છે. ઘટનાને પગલે એસટી બસ સ્ટેશન જવાનો મુખ્ય માર્ગ એક તરફથી બંધ થઈ ગયો હતો, જેના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતા જ અમરેલી ફાયર વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયું હતું અને વૃક્ષને હટાવવાની કામગીરી હાથ ધરી હતી. અચાનક જ તોતીંગ વૃક્ષ કેબીનો પર પડતા કેબીનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. વૃક્ષ ધરાશાયી થતા નાના વેપારીઓને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

# બાઢડામાં વિરાણી હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૩૦



સાવરકુંડલા તાલુકાના બાઢડા મુકામે એચ.એન. વિરાણી હાઈસ્કૂલમાં જિલ્લા કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ હતી. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા ૬૯મી જિલ્લા કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ હતી. જે અંતર્ગત બહેનોની ટીમમાં વિરાણી હાઈસ્કૂલ પ્રથમ, અન્ડર ૧૪ બહેનોની ટીમમાં બી.પી.જે. ગર્લ્સ હાઈસ્કૂલ ધારી દ્વિતીય, અન્ડર ૧૪ ભાઈઓની ટીમમાં ગુરુકુળ તરવડા પ્રથમ, અંડર ૧૪ ભાઈઓની ટીમમાં એચ.એન. વિરાણી હાઈસ્કૂલે દ્વિતીય સ્થાન મેળવેલ હતું. અંડર ૧૭ બહેનોની ટીમમાં વિરાણી હાઈસ્કૂલ પ્રથમ અને વીપીજી ગર્લ્સ હાઈસ્કૂલ ધારી દ્વિતીય, તેમજ અંડર ૧૭ ભાઈઓની ટીમમાં ગુરુકુળ તરવડા પ્રથમ જ્યારે ભાઈઓની ટીમમાં વિરાણી સ્કૂલે દ્વિતીય સ્થાન મેળવેલ હતું. અંડર ૧૯ ભાઈઓ અને બહેનોની ટીમમાં એચ.એન. વિરાણી હાઈસ્કૂલ પ્રથમ, જ્યારે ગુરુકુળ તરવડા ભાઈઓની ટીમમાં દ્વિતીય અને વી.પી.જે. ગર્લ્સ હાઈસ્કૂલ ધારી બહેનોની ટીમમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

# અમરેલીમાં વેપારીના પ્લોટનું ખોટું બાનાખત અને સોગંદનામું કરી વેચી દેવાયો

**મિલકતનો ખોટો દસ્તાવેજ બનાવી સાચા તરીકે ઉપયોગ કર્યો**

અમરેલી, તા.૩૦

અમરેલીમાં રહેતા એક વેપારીનો માંગવાપાળ ગામે આવેલા પ્લોટનું ખોટી રીતે બાનાખત અને સોગંદનામું કરીને વેચી દેવામાં આવ્યો હતો. બનાવ અંગે જીજ્ઞેશભાઈ કાંતિલાલ કોટેચા (ઉ.વ.૪૭)એ જહાંગીરભાઈ દાદુભાઈ કુરેશી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની માંગવાપાળ ગામે સર્વે નંબર ૫૮/૨, ૫૮/૩ની જમીનમાં પ્લોટ આવ્યો હતો. જેનો અગાઉ દસ્તાવેજ થઈ ગયો હોવાનું જાણવા છતાં ફરિયાદીને વિશ્વાસમાં લઈ આ મિલકતનો ખોટો દસ્તાવેજ બનાવી, તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. ઉપરાંત ગામ નમૂના ૨માં ગમે તે રીતે એન્ટ્રી કરાવી ખોટી રીતે બનાખત અને સોગંદનામું કરી આપી તેમની પાસેથી પૈસા લઈ સદર મિલક્ત વેચી નાખીને વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ઓ.કે.જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# ઉંટવડ ગામે ચાર એક્સપ્રેસ બસનો સ્ટોપ મળતા મુસાફરોમાં આનંદ છવાયો

બાબરા, તા.૩૦

બાબરા તાલુકાના ઉંટવડ ગામે થી (૧) અમરેલી રાજકોટ વાયા ચિતલ (૨) લીલીયા અમરેલી રાજકોટ (૩) અમરેલી રાજકોટ વાયા લાઠી આ બસો એસ.ટી વિભાગ દ્વારા ચાલતી હતી પરંતુ ઊંટવડ ગામે સ્ટોપ ન હોવાથી આજુબાજુના ઊંટવડ, નવાણિયા, રાયપર, સુકવળા, સમઢીયાળા, આંબલીધાર, ઘુઘરાળા વગેરે ગામડાના વિદ્યાર્થીઓ, દર્દીઓ તેમજ ધંધાર્થીઓને અપડાઉનમાં સુવિધા મળતી ન હતી. તેમજ સાવરકુંડલા, રાજકોટ જે સવારે ૫ કલાકે સવારકુંડલાથી ઉપડે છે તે પણ એક્સપ્રેસ હતી. આ બધા રૂટનો લાભ મળતો ન હતો. જે અંગે ઊંટવડ ગામના મુસાફરો સૂર્યકાંતભાઈ, અભયભાઈ, પ્રશાંતભાઈ, સંદિપભાઈ વગેરે લોકોએ આ વિસ્તારના જાગૃત અને સક્રિય જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળને જાણ કરી હતી. તેમણે સાંસદ ભરતભાઈ સુતરીયાને લેખીત તેમજ મૌખિક રજૂઆત કરતા આ બધી જ બસના સ્ટોપ ઊંટવડ ગામને મળતા આ ગામોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

# બાબરા-અમરેલી માર્ગ પર મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન

અમરેલી તા ૩૦

બાબરા અમરેલી હાઈવે પર છેલ્લા ઘણા સમયથી મોટા ખાડાઓ પડી ગયા હોવાથી વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વાહનચાલકોને ખાડાઓને કારણે અકસ્માતનો ભય લાગી રહ્યો છે જેથી આ ખાડાઓ બુરવા માટે બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈ મલકાણે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે મોટા વાહનોની સતત અવરજવરને કારણે રસ્તાઓ પર ખાડાઓ વધી ગયા છે જે વરસાદની સિઝનમાં ખૂબ જ ગંભીર રીતે અકસ્માત નોતરી શકે છે. શહેરીજનો દ્વારા માર્ગ અને મકાન વિભાગ તથા તાલુકા તંત્રને માર્ગની બિસ્માર હાલત અંગે રજૂઆત પણ કરી છે જોકે હજુ સુધી તંત્ર દ્વારા કોઈ પગલા ભરવામાં આવ્યા નથી. જાહેર માર્ગોની દેખભાળ કરવાની સરકારની જવાબદારી છે ત્યારે તાત્કાલિક ધોરણે તંત્ર દ્વારા માર્ગોનું સમારકામ કરવામાં આવે તેવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે અંતમાં માગણી કરી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ઉકાભાઇ ભવાનભાઇ ડોબરીયા (ઉ.વ.૭૬) તે ભુપતભાઇ ભવાનભાઇ ડોબરીયા, દુલાભાઇ ભવાનભાઇ ડોબરીયાના ભાઇ થાય, શૈલેષભાઇ ઉકાભાઇ ડોબરીયાના પિતાશ્રીનું તા.૨૮/૭/૨૫ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧/૮/૨૫ ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૫ કલાકે પટેલ વાડી વજલપરા સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**CHANGE OF NAME**

I Undersigh PATEL ASHOKBHAI BHIMJIBHAI have changed my name from PATEL ASHOKKUKAMR BHIMJIBHAI To PATEL ASHOKBHAI BHIMJIBHAI Now i will be known as PATEL ASHOKBHAI BHIMJIBHAI
Sigh : PATEL ASHOKBHAI BHIMJIBHAI
Address: ASHOK VATIKA,NEAR RAILWAY STATION,AT-AMRELI-365601

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
**અવધ બેસન**
વણેલા ગાંઠીયા,ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો


દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેંકિગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
**સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ**
પ્લોટ નં.૮૨–૧. જી.આઈ.ડી.સી.અમરેલી
V : ૯૮૯૮૨૮૬૦૮૩, R : ૯૮૨૪૨ ૩૦૫૧૫

**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.લાઠી**

કેસ નં. જન્મ/મરણ પરચુરણ અરજ ૪૦/૨૫

અરજદાર :- હિંમતભાઈ ખોડાભાઈ મીયાણી
રે. મુ. ભુરખીયા, તા.લાઠી, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારી, ગ્રામપંચાયત કચેરી
મુ. દહિથરા, તા.લાઠી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાના ભુરખીયા ગામનાં રહીશ અરજદારનાં પુત્ર શ્રી મિયાણી સુરજભાઈ હિંમતભાઈનો જન્મ મોજે દહિથરા, તા.લાઠી ગામે તા.૨૫/૦૫/૧૯૮૬નાં રોજ થયેલ હોવાની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામનાં સામાવાળા દ્વારા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમનાં મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૪/૦૮/૨૦૨૫ નાં રોજ ૦૩.૩૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તા. (કોર્ટનો સિક્કો) **તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

**મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૨૨/૨૦૨૫

શ્રી અમરૂભાઈ ભીમભાઈ ખુમાણ
મું.ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જૂનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ,
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી અમરૂભાઈ ભીમભાઈ ખુમાણ દ્વારા તેમના પુત્રીશ્રી ગીતાબેન અમરૂભાઈ ખુમાણનો જન્મ તા.૨૩/૧૦/૧૯૭૪ના રોજ મોજે: ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૩મી માહે : જુલાઈ સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૪૬/૨૫ તા.૨૮/૦૭/૨૦૨૫

અરજદાર:- (૧) શ્રી ભાટીયા રાધાબેન કાળુભાઈ
રહે. નટવર નગર, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી રાજેન્દ્ર બી. બોરીચા રહે. બગસરા
મો.૯૯૨૪૯ ૬૫૩૫૧

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
-વ-
ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા કચેરી,
બગસરા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાના હડાળા ગામના રહીશ શ્રી ભાટીયા રાધાબેન કાળુભાઈ તેમના માતાશ્રી વાલીબેન કરશનભાઈ સોલંકીનું મરણ તા.૨૯/૦૧/૨૦૧૬ના રોજ બગસરા તાલુકાનાં જેઠીયાવદર ગામે થયેલ હોવાની નોંધ રજીસ્ટરે થવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આથી આ કામના અરજદારશ્રી માતાશ્રીનું મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવાના કામે ઉકત અરજદારશ્રી તથા સામાવાળા અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે બિનચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

(કોર્ટનો સિક્કો)
સહી
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૪૫/૨૫ તા.૨૮/૦૭/૨૦૨૫

અરજદાર:- (૧) શ્રી રમણીકભાઈ જાગાભાઈ દેવાણી
રહે. હડાળા, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી રાકેશકુમાર સી. વઘાસીયા રહે. હડાળા
મો.૯૬૦૧૫ ૯૧૪૮૧

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,
હડાળા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાના હડાળા ગામના રહીશ શ્રી રમણીકભાઈ જાગાભાઈ દેવાણી તેમના દાદાશ્રી રાઘવભાઈ જીણાભાઈ દેવાણીનું મરણ તા.૦૩/૦૩/૧૯૯૪ના રોજ બગસરા તાલુકાનાં હડાળા ગામે થયેલ હોવાની નોંધ રજીસ્ટરે થવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આથી આ કામના અરજદારશ્રીના દાદાશ્રીનું મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવાના કામે ઉકત અરજદારશ્રી તથા સામાવાળા અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે બિનચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

સહી
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

**બગસરા શહેરમાં ઘટના બની**

# '૧૭ લાખ આપો નહીંતર બે વીઘા જમીનનું બાનખત કરી આપો' કહી પુત્રને જાનથી મારવાની ધમકી આપી

બગસરા, તા. ૩૦

બગસરામાં એક ચોંકાવનારી ઘટના બની હતી. પુત્રના ધંધાકીય પૈસાની બાબતમાં પિતાનું અપહરણ કરવામાં આવ્યું હતું. આરોપીઓએ '૧૭ લાખ આપો નહીંતર બે વીઘા જમીનનું બાનાખત કરી આપો' તેમ કહીને અપહરણ કરી પેન્ટના ખિસ્સામાં રહેલા ૪૦૦૦ રૂપિયા કાઢી લીધા હતા. તેમજ તેમના પુત્રને પતાવી દેવાની ધમકી આપી હતી. જેને લઈ કિશોરભાઈ પરશોત્તમભાઈ બોરડ (ઉ.વ.૫૦) એ બોટાદના પાળીયાદ ગામના સત્યમભાઈ ખાચર, રાજકોટના ભુપીભાઈ ગીડા, અમીરાજભાઈ, મીહીરભાઈ તથા બે અજાણ્યા પુરુષો સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોટા દિકરા કૃપાલને સત્યમભાઈ ખાચર સાથે ધંધાકીય પૈસાની બાબતમાં મનદુઃખ થયું હતું. જે અંગે આરોપીઓ કાવતરું રચીને તેમના ઘરે આવ્યા હતા અને ડેલી ખખડાવી હતી. તેમણે ડેલી ખોલતાં સત્યમભાઈ ખાચરે મારા ૧૭ લાખ આપો નહીંતર બે વીઘા જમીનનું બાનાખત કરી આપો તેમ કહી બળજબરીપૂર્વક પૈસા માંગ્યા હતા અને કારમાં બેસાડી તેમના પેન્ટના ખિસ્સામાં રહેલા આશરે ૪૦૦૦ રૂપિયા બળજબરીપૂર્વક કાઢી લઈ તેમના નાના દીકરાને પતાવી દેવાની ધમકી આપી હતી.બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાની બેંક ઓફ બરોડા શાખામાં એરકંડિશનર બંધ રહેતા ગ્રાહકોમાં રોષ

રાજુલા,તા.૩૦

રાજુલા શહેરમાં આવેલી બેંક ઓફ બરોડાની (જૂની દેના બેંક) શાખામાં તમામ એરકંડિશનર બંધ રહેતા લોકો ભારે તકલીફમાં મુકાયા છે. ચોમાસાની ઋતુ હોવા છતાં, બેંકની અંદર ભીનાશ અને ભેજવાળા વાતાવરણમાં પણ ગ્રાહકો ઊકળાટથી પરેશાન થઈ રહ્યા છે. વડીલોથી લઈને બાળકો સુધીના ગ્રાહકો તંગ આવી ગયા છે અને રોષ વ્યક્ત કરી રહ્યા છે. બેંકના શાખા મેનેજર સાથે વાત કરતા જાણવા મળ્યું કે, એરકંડિશનર બાબતે તેમણે ઉચ્ચ કક્ષાએ વારંવાર લેખિત રજૂઆતો કરી છે છતાં છેલ્લા દોઢ વર્ષથી કોઈ યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. આ કારણે કામકાજ કરવું પણ મુશ્કેલ બને છે. આ શાખામાં નજીકના ગામડાંના લોકો, વિદ્યાર્થીઓ અને નોકરીયાત લોકો મોટી સંખ્યામાં આવતા હોય છે. કલાકો સુધી લાઈનમાં અને પ્રોસેસમાં ઊભા રહીને બેંકના કામ કરવા પડે છે, જેથી વધુ તકલીફ પડે છે. વિષયની ગંભીરતા જોઈને પૂર્વ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બકુલભાઈ વોરાએ પણ તાત્કાલિક જવાબદારો સમક્ષ ફરીથી લેખિત રજૂઆત કરી છે. તેમનું કહેવું છે કે, "ગ્રાહકોની સુવિધા માટે કામ કરતી બેંકમાં જો પ્રાથમિક સગવડ જ ન મળે તો લોકોના હિત માટે સવાલ ઊભો થાય છે." હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ રજૂઆતને કેટલી ગંભીરતાથી લે છે.

# ગટરના ઢાંકણા બદલવાનું કહેતા ત્રિકમનો હાથો માર્યો

**લાઠીના અકાળા રોડ પર ઘટના બની, પોલીસે તપાસ શરૂ કરી**

લાઠી, તા.૩૦

લાઠીના અકાળા રોડ પર ગટરના ઢાંકણા બદલવાનું કહેતા પુરુષને ગાળો આપી ત્રિકમના હાથા વડે મુંઢમાર માર્યો હતો.

બનાવ અંગે મનસુખભાઈ દાનાભાઈ ખાંભુ (ઉ.વ.૫૦) એ રવીભાઈ ભીમભાઈ સાંગા તથા અંકિતબાઈ ભીમભાઈ સાંગા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીને ગટરના ઢાંકણા બદલવાનું કહેતા આરોપીને સારું નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપી ત્રિકમના હાથા વડે મુંઢ ઈજા કરી હતી.

અમરેલીના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના બગેશ્વર મંદિર ખાતે મહાદેવને શણગાર સાથે મહાયજ્ઞનું આયોજન

બગસરા,તા.૩૦

બગસરા શહેરમાં આવેલ બગેશ્વર મહાદેવ મંદિર જે આશરે ૭૨૫ વર્ષ જૂનું મંદિર છે. આ મંદિરમાં સનાતન ગ્રુપ દ્વારા પ્રથમ વખત મહાપૂજા અને મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ મહાદેવને રોજ અલગ અલગ શણગાર પણ કરવામાં આવે છે. આ ગ્રુપ દ્વારા બગેશ્વર મહાદેવ મંદિર ક્યારથી બન્યું તેનો પણ ઈતિહાસ કહેવામાં આવ્યો હતો. જેમાં બગદાલમ ઋષિએ ૭૮ રામા અવતાર જોયેલ છે તેવાં ઋષિએ બગસરાની ધરતી પણ ઘણા વર્ષો સુધી તપ કર્યું ત્યારે ભગવાન સ્વયંભુ પ્રગટ થયા હતા ત્યારથી આ શહેરનું નામ બગદાલમ પડ્યું હતું તેમાંથી હવે બગસરા તરીકે જાણીતું થયું છે. સનાતન ગ્રુપ દ્વારા



આ સ્વયંભુ મહાદેવના મંદિરમાં પ્રથમ વખત મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૭ સમુદ્ર અને કૈલાશ માનસરોવરના જળથી આખો માસ અભિષેક કરવામાં આવશે તેમજ આખો માસ હવન પણ કરવામાં આવશે તો આ ભવ્ય આયોજનનો લાભ સૌ ભક્તો લે તેવો સનાતન ગ્રુપ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસના પ્રથમ સોમવારે સમગ્ર મંદિર પરિસર હર-હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યુ હતું.

# રાજ્યના પૂર્વ ઉપમુખ્યમંત્રી નીતિન પટેલ રાજુલાના મહેમાન બન્યા



રાજુલા તા ૩૦

ગુજરાત રાજ્યના પૂર્વ ઉપમુખ્યમંત્રી નીતિન પટેલ રાજુલામાં આવેલી પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરની મંગલમ વાડી ખાતે પધાર્યા હતા. જ્યાં પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેરએ નીતિન પટેલનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. નિતીન પટેલે અંબરીશ ડેરની વાડી ખાતે પોતે ગુજરાત સરકારમાં વિવિધ સ્થાન પર સેવા બજાવેલ તે બાબતે તેમના અનુભવો અંગે ચર્ચા કરી હતી.

# વડીયાના તોરી ગામે ખોડલધામ રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

તોરી,તા.૩૧

કેન્સર હોસ્પિટલના લાભાર્થે ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા અમરેલી જિલ્લામાં ખોડલધામ રથનું પરિભ્રમણ કરવામાં આવી રહ્યું છે.

વડીયા તાલુકામાંથી શરૂ થયેલા રથના પરિભ્રમણ દરમિયાન તોરી ખાતે ખોડલધામ રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાઆરતી સહિતના કાર્યક્રમો



તસવીર : વિનુભાઈ કોટડીયા

પણ યોજવામાં આવ્યા હતા. આ તકે જિલ્લા કન્વીનર રમેશભાઈ કાથરોટીયા, પરેશભાઈ કોટડીયા, સત્યમભાઈ મકાણી, રવજીભાઈ પાનસુરીયા, પ્રાગજીભાઈ પાનસુરીયા સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**કોલેજે ફર્સ્ટક્લાસ મેળવીને શિક્ષણ ક્ષેત્રે પોતાનું ગૌરવભર્યું સ્થાન જાળવી રાખ્યું**

# આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજનું B.Com.(EM.) સેમ.-VI માં ૧૦૦% ઝળહળતું પરિણામ

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા સંચાલિત આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ના B.Com. (EM.) સેમ.-VI યુનિવર્સિટી પરિણામમાં અદ્ભુત સફળતા હાંસલ કરી છે. કોલેજે ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ મેળવીને શિક્ષણ ક્ષેત્રે પોતાનું ગૌરવભર્યું સ્થાન જાળવી રાખ્યું છે.

આ ભવ્ય પરિણામમાં, રેણુકા દ્રષ્ટિ એમ. એ ૮૯.૦૦% ગુણ મેળવીને કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે જાવંધ્રા રોશની આર. એ



૮૮.૮૬% ગુણ સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું છે અને ગોંડલીયા મૈત્રી આર. એ ૮૮.૦૦% ગુણ મેળવીને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે આવેલી આ કોલેજના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્કર વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

**શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ સાતમ
તા.૩૧-૦૭-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૪૧,
સૂર્યાસ્ત-૦૭:૧૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૩૧-૦૭-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ રહેશે. પરંતુ બપોરે તમે નિર્ધારિત સમય પર તમારા કાર્યોને ઉત્સાહથી પૂર્ણ કરી શકશો.

વૃષભ: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સારો રહેશે, પરંતુ થોડી વધારે મહેનત કરશો. કોઈપણ જૂના નિર્ણય અથવા ડીલમાં ચોક્કસપણે સફળતા મળશે.

મિથુન: તમારા માટે આજનો દિવસ વ્યસ્ત અને લાભકારક રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે. આજે કાર્યમાં સફળતાના કારણે આત્મવિશ્વાસ વધશે.

કર્ક: આજે બપોર સુધી ધંધો સરળતાથી ચાલશે. આ પછીનો સમય થોડો અવરોધવાળો રહેશે, લોકો તમારી સાથે વિવાદ કરી શકે છે.

સિંહ: આજે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે, આજે કાર્યક્ષેત્ર અને ઘરની બાબતોમાં વિવિધ સમસ્યાઓના ઉદભવને કારણે મન થોડો સમય ખાલી થઈ જશે.

કન્યા: આજે તમે દિવસના પહેલા ભાગમાં પ્લાનિંગ સાથે કામ કરશો અને બપોર સુધી તમારી મહેનતનું ફળ ના મળવાથી તમે થોડા નિરાશ થશો.

તુલા: આજનો દિવસ તમને મિશ્ર પરિણામ આપશે. મનમાં ક્રોધ અને નફરતની લાગણીને કારણે પ્રિયજનથી અંતર થઈ શકે છે.

વૃશ્ચિક: આજે પરિસ્થિતિ તમારા માટે અનુકૂળ રહેશે, પરંતુ આળસ અને મનોરંજન અને શોખના વલણને કારણે તમે સમયનો પૂરો લાભ લઈ શકશો નહીં.

ધન: નવા સંબંધોથી ભાગ્ય ચમકશે અને તમને સામાજિક સન્માન મળશે. આ સાથે તમે ક્રિયા-પ્રતિક્રિયા વધારવામાં પણ સફળ થશો.

મકર: આજે તમે તમારા સ્વભાવમાં ઉતાવળ કરશો, પહેલા તમે તમારા કાર્ય પ્રત્યે બેદરકાર થશો, પાછળથી તમે ઉતાવળમાં આવી શકો છો.

કુંભ: આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. તમે જે કાર્યમાંથી લાભની અપેક્ષા કરી રહ્યા છો તેમાં અંતિમ સમયમાં નિરાશા મળી શકે છે.

મીન: આજનો દિવસ ફાયદાકારક છે, પરંતુ કોઈ પણ અવરોધ તમને મુશ્કેલીમાં મૂકી શકે છે, જે તમારું ધ્યાન વિચલિત કરશે.

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં "કારગિલ વિજય દિવસ"ની ઉજવણી

અમરેલી,તા.૩૦

અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે ૨૬ જુલાઈના રોજ 'કારગિલ વિજય દિવસ" ની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. ૨૬ જુલાઈ ૧૯૯૯ ના દિવસે આશરે ૬૦ દિવસ સુધી યુદ્ધ કરીને ભારતીય સેનાએ કારગિલ પર પુનઃ કબજો મેળવ્યો હતો. જેની યાદગીરી અને શહીદી વહોરનાર સૈનિકોને



શ્રદ્ધાંજલિ અર્પવા અર્થે કોલેજમાં ૩ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. ભાવનગર અંતર્ગત આ કોલેજના એન.સી.સી. યુનિટ દ્વારા એડિશનલ કલેક્ટર IAS અતુલ સિંગના અધ્યક્ષ સ્થાને એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીના પી.આઈ. જે.આર.સરવૈયા, તરુણભાઈ શુક્લ (મિલેટ્રી ઈન્ટેલિજન્સ & રો, ડિસ્ટ્રીક્ટ પ્રેસિડેન્ટ ડિફેન્સ, મેમ્બર ડિસ્ટ્રીક્ટ સોલ્જર બોર્ડ), હિતેશભાઈ મોભ(ઈનફન્ટ્રી બટાલિયન), એન.સી.સી. લેફ્ટનન્ટ પ્રો.વિલ્સન વસાવા તથા કારગિલ યુદ્ધમાં શહીદ થનાર વીર જવાનોના પરિવારજનો પ્રકાશભાઈ મહેતા, હિંમતભાઈ રામાણી તથા પ્રજ્ઞાબેન કાનાણીની વિશેષ હાજર રહ્યાં હતા.

# રાજુલાના રામપરા-૨ ગામેથી ઈંગ્લીશ દારૂની બોટલ સાથે યુવક ઝડપાયો

અમરેલી, તા.૩૦

રાજુલાના રામપરા-૨ ગામેથી નાગેશ્રીમાં રહેતો એક યુવક ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસે ૧૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ધારીમાંથી ૧૦ લીટર તથા ખારા ગામેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જામકા અને પુંજાપાદર ગામેથી એક એક યુવક પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયો હતો.

# રાજુલા શાક માર્કેટમાંથી બાઈકની ચોરી

રાજુલા, તા.૩૦

રાજુલા શાક માર્કેટમાંથી બાઈકની ચોરી થઈ હતી. બનાવ અંગે સાવજભાઈ નગાજણભાઈ વાઘ (ઉ.વ.૪૯) એ મનસુખભાઈ જીવાભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ તેમનું બાઈક રાજુલા શાક માર્કેટના ખાંચામાં પાર્ક કર્યું હતું. જેની અજાણ્યા ઈસમો ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# બાબરા સ્મશાન પાસે બાઈક મુકવા બાબતે માથાકૂટ થઈ

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૩૦

બાબરા સ્મશાન પાસે બાઈક પાર્ક કરવા મુદ્દે બબાલ થઈ હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. રજાકભાઈ અલારખભાઈ પરમાર (ઉ.વ.૩૫) એ ગોપાલભાઈ કાબાભાઈ કલાણીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમના પિતા સાથે મોટરસાયકલ મુકવા બાબતે માથાકૂટ કરી ગાળો આપી હતી. આરોપી સ્મશાનના ગેટ પાસે બેઠો હતો ત્યારે ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું અને તેમને આડેધડ ઢીકાપાટુ માર્યા હતા. ઉપરાંત છરી વડે હુમલો કર્યો હતો તેમજ મુંઢમાર માર્યો હતો. જે બાદ ગોપાલભાઈ કાબાભાઈ કલાણીયા (ઉ.વ.૨૯)એ અલારખભાઈ પરમાર, રજાકભાઈ અલારખભાઈ પરમાર તથા એક યુવક મળી કુલ ત્રણ લોકો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ઘર પાસે આરોપી અલારખભાઈ સવારે ગાડી મુકતા હતા. જેથી તેમને ના પાડતાં ગાળો આપી હતી. રજાકભાઈએ પેન્ટના નેફામાંથી છરી કાઢી તેમને મારવા જતાં હાથ આડો રાખતાં આંગળીમાં ઈજા પહોંચી હતી, ઉપરાંત ધોકા વડે પણ મુંઢમાર માર્યો હતો. રજાકભાઈ અને તેના પુત્રએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

**ઈનોવા ચાલકે ડ્રાઈવર, ક્લીનરને ધમકાવ્યા**

# 'આઈસ્ક્રીમની ગાડી લઈને આ રૂટમાં નીકળશો તો તમોને જાનથી મારી નાખીશું' કહી ધમકી આપી

**નાના માચીયાળા ગામના બસ સ્ટેન્ડ પાસે ઘટના બની**

અમરેલી, તા.૩૦

નાના માચીયાળા ગામના બસ સ્ટેન્ડ પાસે ઈનોવા ચાલકે 'આઈસ્ક્રીમની ગાડી લઈને આ રૂટમાં નીકળશો તો તમોને જાનથી મારી નાખીશું' કહી ધમકી આપી હતી. બનાવ અંગે મૂળ રાજસમઢીયાળા ગામના અને હાલ અમરેલીમાં રહેતા દિવ્યરાજસિંહ વિક્રમસિંહ જાડેજા (ઉ.વ.૨૯) એ ઈનોવા નંબર જીજે-૧૪-એટી-૦૦૯૦ના ચાલક સહિત ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ નાના માચીયાળા ગામના બસ સ્ટેન્ડ પાસે આરોપીએ તેમની કંપનીનો ટ્રક આંતરીને ઉભો રખાવ્યો હતો. તેમજ ડ્રાઈવર અજયભાઈ મનોજભાઈ વાઘેલા તથા ક્લીનર લલીત પુરનગીરીને ગાળો આપી હતી અને 'આ આઈસક્રીમની ગાડી લઈને આ રૂટમાં નીકળશો તો તમોને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# આંતરિક જલમાર્ગોનો વિકાસ જરૂરી

ભારત પાસે ૭૫૦૦ કિલોમીટર લાંબો વિશાળ દરિયાકિનારો છે, અને બારમાસી નદીઓ પણ જળપરિવહન માટે અપાર સંભાવનાઓ ધરાવે છે. આને ધ્યાનમાં રાખીને, સરકાર દ્વારા ઘોઘા-હજીરા ફેરી સેવાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય એ સમજવાનો છે કે આ સેવા કેવી રીતે સફળ બની, મુસાફરો અને વાહનો માટે કઈ પ્રકારની સુવિધાઓ અને આકર્ષણો તેને લોકપ્રિય બનાવવામાં મદદરૂપ થયા. આ તમામ પાસાઓનો અભ્યાસ કરીને, સરકાર દેશભરમાં આવા જળમાર્ગ પરિવહનને પ્રોત્સાહન આપવા માંગે છે. ભાવનગરના ઘોઘાથી સુરતના હજીરા વચ્ચે સફળતાપૂર્વક ચાલી રહેલી રો-પેક્સ ફેરી સેવા ખરેખર દેશ માટે એક નવો દાખલો બેસાડી રહી છે. શરૂઆતમાં ભલે ઘણાને તેની સફળતા પર શંકા હતી, પરંતુ આજે તે જળમાર્ગ પરિવહનમાં એક રોલ મોડેલ બની ગઈ છે. આ સફળતાને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય શિપિંગ, પોર્ટ અને વોટરવેઝ મંત્રાલય હવે દેશના અન્ય સંભવિત જળમાર્ગો પર પણ આવી સેવાઓ શરૂ કરવા સક્રિયપણે કામ કરી રહ્યું છે. આ જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું પીપાવાવ પોર્ટથી મુંબઈ સુધીની ફેરી સેવા છે. આ રૂટ માટે સર્વે થઈ ચૂક્યા છે અને ટ્રાફિક મળવાની પણ સારી અપેક્ષા છે. કેન્દ્રીય શિપિંગ મંત્રાલય તરફથી મળેલા સંકેતો મુજબ, ટૂંક સમયમાં જ આ સેવા શરૂ કરવા માટે અંતિમ તબક્કાની કામગીરી શરૂ થશે. આંતરિક જળમાર્ગોનો ઉપયોગ માત્ર મુસાફરો માટે જ નહીં, પરંતુ માલસામાનના પરિવહન માટે પણ વ્યાપકપણે કરી શકાય છે. આનાથી પરિવહન ખર્ચમાં ઘટાડો થશે, ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને પર્યાવરણને પણ ફાયદો થશે. ઘોઘા-હજીરાની જેમ, પીપાવાવ-મુંબઈ ફેરી સેવા પણ જો સફળ થાય તો તે ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યો માટે આર્થિક અને સામાજિક રીતે ખૂબ ફાયદાકારક સાબિત થશે. આશા રાખીએ કે આ નવી પહેલો દેશના પરિવહન ક્ષેત્રે ક્રાંતિ લાવશે અને જળમાર્ગોનો મહત્તમ ઉપયોગ કરીને દેશના વિકાસને નવી ગતિ આપશે. જળમાર્ગો દ્વારા પરિવહન એ એક જૂની અને કાર્યક્ષમ પદ્ધતિ છે, જે હવે આધુનિક ભારતમાં ફરીથી જીવંત થઈ રહી છે. રસ્તાઓ, રેલવે અને હવાઈ માર્ગો દ્વારા માલસામાન અને મુસાફરોની અવરજવર થાય છે. નદીઓ અને નહેરોનો ઉપયોગ કરીને પણ આ કામ થઈ શકે છે. આને જ આંતરિક જળમાર્ગ પરિવહન કહેવાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, દેશની અંદર આવેલી નદીઓ, નહેરો, સરોવરો અને મોટા તળાવોનો ઉપયોગ કરીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા કે સામાન પહોંચાડવાને આંતરિક જળમાર્ગ પરિવહન કહેવાય છે. આમાં મોટા જહાજો, બોટ કે ફેરીનો ઉપયોગ થાય છે. રેલવે કે રોડ કરતાં જળમાર્ગે માલસામાન મોકલવો ઘણો સસ્તો પડે છે. એક ટન સામાનને એક કિલોમીટર સુધી પહોંચાડવાનો ખર્ચ જળમાર્ગે સૌથી ઓછો હોય છે. જળમાર્ગ પરિવહનથી પ્રદૂષણ ઓછું થાય છે. ટ્રક કે ટ્રેન કરતાં જહાજો ઓછો ધુમાડો અને કાર્બન ઉત્સર્જન કરે છે, જે પર્યાવરણ માટે સારું છે. એક જહાજ મોટી માત્રામાં સામાન લઈ જઈ શકે છે, જે ઘણી બધી ટ્રકો કે રેલવેના ડબ્બાના ભાર જેટલો હોય છે. આનાથી મોટા પાયે પરિવહન સરળ બને છે. જ્યારે માલસામાન જળમાર્ગે જાય છે, ત્યારે રસ્તાઓ પરથી ટ્રકોનો ભાર ઓછો થાય છે. આનાથી રસ્તાઓ પર ટ્રાફિક અને ભીડ ઘટે છે અને અકસ્માતોનું જોખમ પણ ઓછું થાય છે. જળમાર્ગ પરિવહન ઈંધણનો કાર્યક્ષમ ઉપયોગ કરે છે, જેનાથી ઈંધણની બચત થાય છે. ભારતમાં આંતરિક જળમાર્ગ પરિવહન મોટી નદીઓ દ્વારા થઈ શકે છે. ભારતમાં ગંગા, બ્રહ્મપુત્રા, કૃષ્ણા, ગોદાવરી જેવી અનેક મોટી નદીઓ છે, જેનો ઉપયોગ પરિવહન માટે કરવામાં આવી રહ્યો છે. સરકારે આવા ઘણા જળમાર્ગોને "રાષ્ટ્રીય જળમાર્ગ" તરીકે જાહેર કર્યા છે અને તેના વિકાસ માટે કામ કરી રહી છે.

# અતિ વિકાસને કારણે રોજગારી ઘટી શકે છે




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

દુનિયાભરની મોટી કંપનીઓએ તેમના કર્મચારીઓને મોટી સંખ્યામાં કાઢી મૂક્યા છે. કંપનીઓ દ્વારા કરવામાં આવતી આ છટણીઓનું સૌથી મહત્વપૂર્ણ કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ છે. AI ના વધતા ઉપયોગને કારણે, વિશ્વભરમાં ઘણી નોકરીઓ જોખમમાં છે. આવી સ્થિતિમાં, ચાલો તાજેતરની છટણીઓમાંથી જાણવાનો પ્રયાસ કરીએ કે કયા પ્રકારની નોકરીઓ સૌથી વધુ પ્રભાવિત થઈ છે અને કયા ક્ષેત્રે અને કઈ પોસ્ટ્સે AI ને કારણે નોકરીઓ ગુમાવી છે.ઘણી કંપનીઓ AI ના કારણે લોકોને છટણી કરી રહી છે. જો આપણે રફ આંકડાઓ પર નજર કરીએ તો એવું માનવામાં આવે છે કે ૨૦૨૨ થી ૨૦૨૪ ની વચ્ચે લગભગ ૫ લાખ ૮૨ હજાર લોકોએ પોતાની નોકરી ગુમાવી છે. ૨૦૨૩ માં, સૌથી વધુ છટણી થઈ, ૨.૫ લાખથી વધુ કર્મચારીઓની. આ વલણ ૨૦૨૫ માં પણ ચાલુ રહેશે. જો આ વર્ષની વાત કરીએ તો, મેટાએ ૩,૬૦૦ લોકોને, HPEએ ૨,૫૦૦ લોકોને, HPએ ૨૦૦૦ લોકોને, વર્ક ડેએ ૧૭૫૦ લોકોને, ઓટો ડેસ્કએ ૧૩૫૦ લોકોને, ઓલા ઈલેક્ટ્રિકએ ૧૨૦૦ લોકોને, બ્લુ ઓરિજિન, સેકયાએ પણ કર્મચારીઓની છટણી કરી છે. લોકો AI ને કારણે પોતાની નોકરી ગુમાવી રહ્યા છે? કંપની આ પોસ્ટ્સ પર કામ કરતા લોકોને કાઢી મૂકી રહી છે. આ ઉપરાંત, ઘણી અન્ય કંપનીઓના નામ પણ તેમાં સામેલ છે. એમેઝોનની એમેઝોન વેબ સર્વિસીસ (AWS) એ સેંકડો કર્મચારીઓને છૂટા કર્યા છે. માઈક્રોસોફ્ટ ૨૦૨૫ માં લગભગ ૧૫,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાની યોજના ધરાવે છે, જેમાં સૌથી મોટો કાપ જુલાઈમાં આવશે. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) એ ૨૦૨૫ માં લગભગ ૧૨,૨૦૦ કર્મચારીઓની છટણી કરવાની યોજના બનાવી છે. ઈન્ટેલ ૨૦૨૫ માં ૫,૫૦૦ કર્મચારીઓની છટણી કરવાની યોજના ધરાવે છે. આ છટણી વિવિધ સ્થળોએ થઈ રહી છે, જેમાં ઘણી વિદેશી ઓફિસોનો પણ સમાવેશ થાય છે. ઘણા અહેવાલોમાં આ આંકડો ૨૧૦૦૦ પણ કહેવામાં આવી રહ્યો છે. ક્રાઉડસ્ટ્રાઈકે તેના પાંચ ટકા કર્મચારીઓને છૂટા કર્યા છે. ફિનટેક કંપની ક્લાર્નાએ છેલ્લા એક વર્ષમાં નવી ભરતીઓ બંધ કરી દીધી છે અને કંપનીમાં કર્મચારીઓની સંખ્યા ઘટી રહી છે. કયા લોકોને સૌથી વધુ જોખમ છે? અનેક કંપનીઓમાં છટણી પછી, ઘણા અધિકારીઓએ સ્વીકાર્યું છે કે AI ને કારણે કર્મચારીઓની જરૂરિયાત ઓછી છે, પરંતુ કેટલીક કંપનીઓ આ વાતનો ઈનકાર કરી રહી છે. હવે પ્રશ્ન એ છે કે કોને સૌથી વધુ જોખમ છે... તો ચાલો તમને જણાવી દઈએ કે આ કંપનીઓમાં જે પદો પર સૌથી વધુ કાપ મૂકવામાં આવ્યો છે તેમાં કોડિંગ, સર્ટિફિકેશન, એચઆર દસ્તાવેજો અને ઈમેઈલ પ્રતિભાવ વગેરે કરતા કર્મચારીઓનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, એમેઝોનમાં AI ઓટોમેશન પર ઘણું કામ થઈ રહ્યું છે, જેના કારણે પ્રિન્સિપાલ-લેવલ, કોમ્યુનિકેશન વિભાગ, પુસ્તક વ્યવસાયમાં નોકરીઓ જોખમમાં છે. આના કારણે, તાલીમ અને પ્રમાણપત્રનું કામ કરતા લોકોએ પોતાની નોકરી ગુમાવી દીધી છે. આ ઉપરાંત, માઈક્રોસોફ્ટમાં ઓટોમેશનને કારણે એન્જિનિયરિંગ અને પ્રોડક્ટ ભૂમિકાઓ, વેચાણ અને પ્રાદેશિક સપોર્ટ કાર્યો, સપોર્ટ, વહીવટમાં કામ કરતા લોકોએ નોકરીઓ ગુમાવવી પડી છે. ઈન્ટેલના ઓટોમોટિવ ચિપ વિભાગ, TCSના એન્જિનિયરો અને મધ્યમ અને વરિષ્ઠ સ્તરના વ્યાવસાયિકોએ તેમની નોકરી ગુમાવી દીધી છે. આવી સ્થિતિમાં, તમે અનુમાન લગાવી શકો છો કે કયા લોકો તેમની નોકરી ગુમાવી રહ્યા છે. AI કઈ નોકરીઓને અસર કરશે? તે જાણવું જરૂરી છે વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ડેટા અનુસાર, કેશિયર, ટિકિટ ક્લાર્ક, વહીવટી સહાયક, સચિવાલયના પદોની નોકરીઓ જોખમમાં છે. આ ઉપરાંત, મેન્યુઅલ કાર્યો પર આધારિત નોકરીઓ પણ સૌથી મોટા જોખમમાં છે કારણ કે તેનું સ્થાન RPA એટલે કે રોબોટિક પ્રોસેસ ઓટોમેશન અથવા AI લઈ રહ્યું છે. આ ઉપરાંત, પોસ્ટલ ક્લાર્ક, બેંક ટેલર, ડેટા એન્ટ્રી ઓપરેટર વગેરેની નોકરીઓ પણ જોખમમાં છે. કઈ નોકરીઓ AI બદલી શકશે નહીં? વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ડેટા અનુસાર, ડિલિવરી સેવાઓ, બાંધકામ, ખેતી, ફૂડ પ્રોસેસિંગ, શિક્ષકો, નર્સો, કાઉન્સેલર્સ, સામાજિક કાર્યકરો AI થી વધુ પ્રભાવિત થશે નહીં. AI અને નોકરીઓ એટલે એક બદલાતી દુનિયાનું ચિંતાજનક ચિત્ર. દુનિયાભરમાંથી મોટી કંપનીઓ દ્વારા થઈ રહેલી છટણી (Layoffs) ના સમાચારો છેલ્લા કેટલાક સમયથી ચિંતાનો વિષય બન્યા છે. ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન અંદાજે ૫.૮૨ લાખ લોકોએ નોકરી ગુમાવી છે, વ્યક્તિઓએ પોતાની કુશળતાને અપગ્રેડ કરવી અને AI-પ્રૂફ કૌશલ્યો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું અનિવાર્ય બન્યું છે. AI માત્ર અમુક ચોક્કસ નોકરીઓને જ નહીં, પરંતુ ભવિષ્યમાં ઘણા નવા ક્ષેત્રોમાં પણ મોટી અસર કરશે. અહીં કેટલાક મુખ્ય ક્ષેત્રો છે જ્યાં AI નો પ્રભાવ ભવિષ્યમાં વધુ જોવા મળશેઃ AI સ્વાસ્થ્યસંભાળમાં ક્રાંતિ લાવી રહ્યું છે અને ભવિષ્યમાં તેનો પ્રભાવ વધુ વધશે. વ્યક્તિગત સારવારમા AI દર્દીના ડેટા, આનુવંશિક માહિતી અને જીવનશૈલીનું વિશ્લેષણ કરીને અત્યંત વ્યક્તિગત સારવાર યોજનાઓ બનાવી શકે છે. AI અલ્ગોરિધમ્સ મેડિકલ ઈમેજ (જેમ કે X-rays, CT Mfu™) અને અન્ય ડેટાનું વિશ્લેષણ કરીને રોગોનું, ખાસ કરીને કેન્સર જેવી ગંભીર બીમારીઓનું, વહેલું અને વધુ સચોટ નિદાન કરી શકે છે.

AI લાખો સંભવિત દવા સંયોજનોનું વર્ચ્યુઅલી સ્ક્રીનિંગ કરીને નવી દવાઓની શોધ અને વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે. સર્જિકલ રોબોટ્સ AI દ્વારા વધુ ચોકસાઈ અને ઓછી માનવીય ભૂલો થશે. એઆઈ દ્વારા બિલ્ડીંગ નહી બની શકે તેને માટે કડિયા દાડિયાની જરૂર પડશે. પરંતુ બિલ્ડીંગમાં મટીરીયલ શિફ્ટિંગ માટે ઓટોમેટીક મશીન આવશે પણ દિવાલ ચણવા માટે માનવીની જરૂર પડશે. એવા ઘણા કાર્યો છે જે માનવી મેન્યુઅલી કરી શકે છે તે મશીન કરી શકે તેમ નથી. એવા જોબ સુરક્ષિત રહેશે જેમાં માનવીય સંવેદનાઓની જરૂર પડે છે તેવા કાર્યો પણ માનવી માટે સુરક્ષિત છે.

**વિકાસને કારણે નોકરીની તકો વધશે તે એક ભ્રમણા પુરવાર થતી જાય છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વિકાસ પછી વિશ્વભરની કંપનીઓમાં મોટા પાયા પર લોકોએ નોકરી ગુમાવી છે. આ ભવિષ્યની સૌથી મોટી સમસ્યા છે તેના નિવારણ માટે શું થઈ શકે તે આજનો મહત્વનો પ્રશ્ન છે.**

## શબ્દ સંજોગ-૨૦૪૪



**આડી ચાવી :**
(૧) અભરાઈ (૩)
(૪) કાયદા મુજબ (૫)
(૮) ઉત્તર ભારતનું એક શહેર (૫)
(૧૦) જમાઈ (૩)
(૧૧) રટવું તે (૩)
(૧૨) ધાબળો, બનૂસ (૨)
(૧૫) દહીં ભાગીને બનાવેલી જાડી છાસ (૨)
(૧૭) નાનાં છોકરાંને રમવાની વસ્તુ (૪)
(૧૯) ઓછું (૨)
(૨૧) અવશ્ય, અલબત્ત (૩)
(૨૨) સૌરાષ્ટ્રનું એક શહેર (૫)
(૨૪) બંધી, પ્રતિબંધ (૪)
(૨૬) એક જાતની ડાંગર (૩)
(૨૭) લડાઈ (૩)
(૨૯) સખત બીક, ફાળ (૩)
(૩૧) કાફલો (૨)
(૩૨) અસ્તવ્યસ્ત, છુટુંછવાયું (૪)

**ઉભી ચાવી :**
(૧) શુદ્ધ, પાવન (૩)
(૨) ગંધ, દુર્ગંધ (૨)
(૩) રાત્રિનું ભોજન (૩)
(૪) જરૂર, ગરજ (૩)
(૫) દેખાવ, દર્શન (૩)
(૬) સંયોગ, મેળાપ (૪)
(૭) નકામું, બાતલ કરેલું (૨)
(૯) નાની માટલી (૪)
(૧૩) એક ફળ (૪)
(૧૪) એક જાતનો પથ્થર (૪)
(૧૬) ચાલવામાં પગનું વસ્તુ સાથે ટિચાવું તે (૩)
(૧૭) રજોગુણ (૩)
(૧૮) કાંસીજોડાં, ઝાંઝ (૪)
(૨૦) મોહ પમાડે તેવું (૫)
(૨૩) એક વનસ્પતિ (૩)
(૨૫) ગુજરાતનો એક પર્વત (૩)
(૨૮) શરીર, દેહ (૨)
(૩૦) કથવા-કહેવા યોગ્ય (૨)

## શબ્દ સંજોગ-૨૦૪૩ જવાબ

**આડી ચાવીઃ** (૧) ગંગરી (૩) વર્ણન (૬) માખણ (૮) તલત (૧૦) દક્ષ (૧૨) મજરે (૧૪) કમઠાણ (૧૬) વર્ણ (૧૮) સતી (૧૯) સુદ (૨૦) રમમાણ (૨૨) સર (૨૩) કર્મઠ (૨૪) પારિજાત (૨૫) ફાકો (૨૭) બૃહદ (૨૮) હરકત.
**ઉભી ચાવી :** (૧) ગંગોદક (૨) રીમા (૩) વણજ (૪) નત (૫) વેંત (૭) ખમણ (૯) લક્ષ્ય (૧૧) ક્ષમ (૧૩) રેવતી (૧૫) ઠાઠમાઠ (૧૭) વૃંદ (૧૯) સુરત (૨૦) રકમ (૨૧) મર્મ (૨૪) પાકો (૨૫) ફાંદ (૨૬) મૃત.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૧૫ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૨૩ | ૫૫૮ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૭૫૪ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૫૦ |
| બાજરી | ૩૨૩ | ૫૨૦ |
| તુવેર | ૧૦૧૫ | ૧૩૦૧ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૨૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૦૫૨ |
| અડદ | ૧૨૩૦ | ૧૫૨૦ |
| મગ | ૧૩૧૫ | ૧૬૨૧ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૮૦૨ |
| ચોળી | ૯૦૦ | ૧૪૭૫ |
| વટાણા | ૧૦૫૧ | ૧૮૮૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૯૨૧ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૫૦ |
| તલી | ૧૫૭૦ | ૨૦૭૪ |
| સુરજમુખી | ૧૨૫૬ | ૧૨૫૬ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૮૫ |
| અજમો | ૮૭૦ | ૧૧૧૫ |
| સુવા | ૧૦૪૦ | ૧૧૩૬ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૬ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| કાળા તલ | ૨૯૧૦ | ૩૯૪૮ |
| લસણ | ૪૨૫ | ૮૭૦ |
| ધાણા | ૧૩૩૧ | ૧૪૬૦ |
| ધાણી | ૧૨૨૫ | ૧૪૪૨ |
| વરીયાળી | ૮૦૦ | ૧૦૩૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૫૯૦ |
| રાય | ૧૨૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૮૪૦ | ૧૨૪૦ |
| ઇસબગુલ | ૧૫૧૦ | ૧૫૧૦ |
| કલોંજી | ૧૫૦૦ | ૪૦૯૧ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૭૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૫૮૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦ | ૫૫૦ |
| પપૈયા | ૧૬૦ | ૨૬૦ |
| બટેટા | ૧૮૦ | ૩૩૧ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૫ |
| ટમેટા | ૬૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| મુળા | ૨૫૦ | ૩૫૦ |
| રીંગણા | ૧૧૦ | ૨૨૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડારા | ૩૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૨૪૦ | ૪૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| કંટોળા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૬૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૪૬૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૪૫૦ | ૧૦૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૬૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૫૧ |
| શિંગ મોટી | ૮૨૫ | ૧૦૭૬ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૪૭૬ |
| શિંગ ફાડા | ૮૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૧૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૦૦૫ |
| તલ કાશ્મીરી | ૧૦૨૦ | ૨૩૫૦ |
| બાજરો | ૩૩૦ | ૪૮૧ |
| જુવાર | ૪૦૫ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૭૨ |
| મગ | ૧૧૦૦ | ૧૪૮૬ |
| અડદ | ૧૪૫૨ | ૧૪૫૨ |
| ચણા | ૧૦૩૫ | ૧૨૦૮ |
| ચણા દેશી | ૧૧૬૧ | ૧૧૬૧ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૧૮૯ |
| તુવેર | ૧૦૧૦ | ૧૨૫૫ |
| કપાસ | ૮૨૫ | ૧૬૭૬ |
| એરંડા | ૧૧૯૫ | ૧૨૫૫ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૩૨૭૫ | ૩૨૭૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઈસબગુલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૭૫ |
| અજમા | ૧૬૩૧ | ૧૬૩૧ |
| મેથી | ૮૫૦ | ૮૮૫ |
| સોયાબીન | ૬૪૫ | ૮૩૮ |
| કાંગ | ૩૯૭ | ૫૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૯૦ |
| રીંગણા | ૧૦૦ | ૧૫૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૫૮૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૭૫૦ |
| ટમેટાં | ૧૦૦૦ | ૧૧૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ગાજર | ૫૩૦ | ૫૯૦ |
| દુધી | ૧૦૦ | ૧૮૦ |
| કારેલા | ૩૦૦ | ૪૩૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૫૦ | ૪૩૦ |
| ગુવાર | ૧૧૫૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૦૫૦ | ૨૨૬૦ |
| ચોળા લીલાં | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૬૫૦ | ૯૮૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૬૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ચોળા | ૮૦૦ | ૯૦૦ |
| ચિભડા | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૬૦ |
| મરચાં લીલાં | ૪૫૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૯૦૦ | ૧૨૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબું | ૨૮૦ | ૩૯૦ |
| મકાઈ | ૨૬૦ | ૪૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૬૬૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૭૮ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૮૬ |
| મગફળી જીણી | ૭૦૬ | ૧૧૧૧ |
| સિંગદાણા જાડા | ૧૨૨૫ | ૧૪૬૧ |
| સિંગ ફાડીયા | ૯૫૦ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૮૨૬ | ૧૨૯૬ |
| તલ લાલ | ૨૧૨૬ | ૨૧૨૬ |
| જીરૂ | ૨૦૫૧ | ૩૬૫૧ |
| કલંજી | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ધાણા | ૮૫૧ | ૧૫૫૧ |
| લસણ સુકું | ૫૧૧ | ૮૮૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૨૬૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૫૧૧ |
| મઠ | ૧૨૩૧ | ૧૪૩૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૩૧૧ |
| રાયડો | ૧૧૩૧ | ૧૧૩૧ |
| રાય | ૧૧૯૧ | ૧૪૬૧ |
| મેથી | ૬૦૧ | ૧૦૪૧ |
| કાંગ | ૨૫૧ | ૬૨૧ |
| મગફળી જાડી | ૭૨૧ | ૧૨૧૬ |
| સફેદ ચણા | ૧૧૮૧ | ૨૧૧૧ |
| મગફળી નવી | ૫૦૦ | ૧૦૭૧ |
| તલ - તલી | ૧૦૭૬ | ૨૦૨૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૫૧ |
| બાજરો | ૨૭૧ | ૪૦૧ |
| જુવાર | ૫૦૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૫૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૬૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૦૧ |
| વાલ | ૫૦૧ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૩૯૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૬૬ |
| અજમાં | ૮૯૧ | ૧૨૫૧ |
| ગોગળી | ૫૨૬ | ૧૧૦૦ |
| વટાણા | ૩૧૧ | ૯૧૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૨૦૦ | ૪૪૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૫૦૦ |
| કાકડી | ૮૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦ | ૩૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૬૦ | ૪૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| દાણા | ૧૪૦૦ | ૧૪૨૫ |
| ઘઉં | ૪૭૫ | ૪૭૫ |
| ધાણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| સોયાબીન | ૭૪૫ | ૭૮૫ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૫૧૩ | ૫૩૧ |
| ચણા | ૯૯૦ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૧૩૩૦ | ૧૭૯૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૧૫ |
| મેથી | ૭૨૫ | ૭૨૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૦૧ |
| રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૩૩૫ |
| જુવાર | ૨૨૦ | ૨૨૦ |
| બાજરો | ૩૫૫ | ૩૫૫ |
| મગફળી | ૭૬૫ | ૭૬૫ |
| મગ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગ ફાડા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૮ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| શીંગ દાણા | --- | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૧૧ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૯૨૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૬૭૭ |
| કપાસ | ૧૫૦૧ | ૧૬૦૨ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૪૫ |
| બાજરો | ૩૩૦ | ૪૧૦ |
| મગ | ૧૧૦૦ | ૧૫૦૫ |
| અડદ | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ધાણા | ૯૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૬૬ | ૧૦૨૧ |
| તલ સફેદ | ૧૩૫૧ | ૧૮૮૦ |

| | | |
|---|---|---|
| તલ પીળા | ૧૯૦૯ | ૧૯૨૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૩૬૦ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૫૦૩ | ૬૦૦ |
| જુવાર | ૪૨૦ | ૮૨૧ |
| મગ | ૧૨૫૧ | ૧૫૩૧ |
| તુવેર | ૧૨૪૫ | ૧૨૪૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૯૫૦ | ૯૫૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| રાય | ૧૩૫૧ | ૧૩૫૧ |
| શીંગ દાણા | ૧૪૭૯ | ૧૪૭૯ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૨૧ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૪૦ |
| મગફળી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૦૭૦ | ૩૫૬૦ |
| તલ સફેદ | ૧૫૫૫ | ૧૭૩૫ |
| તલ કાળા | ૨૭૧૦ | ૩૮૯૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૦૫ | ૧૧૯૫ |
| મગ | ૧૨૩૫ | ૧૪૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૮૬ |
| તુવેર | ૭૦૧ | ૧૨૫૧ |
| મગફળી | ૭૦૦ | ૯૮૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૪૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૪૮૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૫૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૬૫ | ૧૧૧૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૩૪ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૭ |
| જુવાર | ૫૦૦ | ૭૮૮ |
| ચોળી | ૮૫૦ | ૧૫૭૨ |
| અડદ | ૧૩૫૦ | ૧૫૧૭ |
| મગ | ૧૨૦૦ | ૧૭૧૧ |
| એરડી | ૧૦૦૦ | ૧૨૬૨ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૯૩ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૧૮૬૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૭૨ |
| સોયાબીન | ૭૫૦ | ૮૮૯ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સૌરાષ્ટ્ર-કચ્છ સહિત બધા હાઈવે પર બન્ને સાઈડ પર રોપાનું વાવેતર કરાશે

ગાંધીનગર,તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ગ્રીન કવર વધારીને પર્યાવરણ જાળવણી માટે કરેલા આહ્વાનને પગલે વન વિભાગે કચ્છ સૌરાષ્ટ્ર સહિત બધા જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર રોડની બન્ને બાજુની તેમજ અન્ય ખાલી જગ્યાઓએ સઘન રોપા વાવેતરનો નવતર અભિગમ અપનાવ્યો છે. આ હેતુસર વન વિભાગ લોક ભાગીદારીથી પી.પી.પી. ધોરણે અંદાજે ૭.૬૩ લાખ રોપા વાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વન વિભાગે આ રોપા વાવેતર અંગે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા સાથે ગાંધીનગરમાં બુધવારે એમ.ઓ.યુ. કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના પડકારોના તારણરૂપ ઉપાય તરીકે ગ્રીન કવર વધારવા અને વધુને વધુ વૃક્ષો વાવવા દેશવાસીઓને પ્રેરણા આપેલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ સંકલ્પને સાકાર કરીને રાજ્યમાં ટ્રી કવર વધારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં હરિત વનપથ યોજના કાર્યરત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત રોડની બન્ને તરફ વૃક્ષોના વાવેતરથી મોટા પાયે હરિયાળી થવાના પરિણામે ઈકોલોજી અને એન્વાયરમેન્ટ પ્રોટેકશન સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ પણ સિદ્ધ કરી શકાશે.

# અમરેલી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નાગનાથ મંદિરથી ભોજલધામ ફતેપુર સુધીની પદયાત્રાનું આયોજન

અમરેલી, તા.૩૦

લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલીમાં નાગનાથ મંદિરથી ભોજલધામ ફતેપુર સુધીની પદયાત્રાના આયોજન અંગે બાલમુકુન્દ હોલ, ગજેરાપરા ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત શ્રી ભોજલરામ બાપાના સાનિધ્યમાં સર્વ સમાજના કલ્યાણ અર્થે આ પદયાત્રા યોજાશે. આ બેઠકમાં લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો સહિત સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. સમગ્ર પદયાત્રા દરમિયાન યાત્રાના રૂટમાં આવતા દેવસ્થાનો અને મહાપુરુષોની પ્રતિમાઓના દર્શન કરવામાં આવશે. જેમાં નાગનાથ મહાદેવના ચરણોમાં શીશ નમાવી સર્વ સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવશે, ત્યારબાદ ભોજલરામ બાપાની ડેરીએ તેમના આશીર્વાદ લેવામાં આવશે. સંત શ્રી મૂળદાસ બાપાની પ્રતિમા, ડો. જીવરાજ મહેતાની પ્રતિમા,



શહીદ સ્મારક, ભીડભંજન મહાદેવના દર્શન કરી, સંત શ્રી જલારામ બાપાના મંદિરે શીશ નમાવી, હીરામોતી ચોક ખાતે નાગેશ્વર મહાદેવને શીશ નમાવીને, સરદાર ચોક ખાતે બજરંગદાસ બાપાનો ઓટો, હીરામોતી ચોક ખાતે દર્શન કરીને આ યાત્રા ઠેર ઠેર સ્વાગત સ્વીકારીને સાંજે સાત વાગ્યે ભોજલધામ ફતેપુર પહોંચશે. ત્યાં ભોજલરામ બાપાના મંદિરે ધ્વજારોહણ કરીને મહાઆરતીના દર્શન કરી, ભોજન પ્રસાદ લઈને આ પદયાત્રાનું સમાપન થશે. આ સમગ્ર પદયાત્રાનું લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણીના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવશે. એક મહત્વની વાત એ છે કે આ પદયાત્રામાં લોહાણા સમાજ પણ જોડાશે. આ બેઠકમાં લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના કોર કમિટીના સભ્યો, હોદ્દેદારો, કારોબારી સભ્યો સહિત સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# મતિરાળામાં સ્ટેટ બેંક દ્વારા ખાતાધારકના વારસદારને રૂ. બે લાખનો ચેક એનાયત



લાઠી,તા.૩૦

લાઠી તાલુકાના મતિરાળા ગામમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ખાતાધારક રતિલાલ કાનજીભાઈ આદ્રોજાનું અકાળે અવસાન થતાં તેમના પરિજનોને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના અંતર્ગત રૂ. બે લાખનો ક્લેઈમ ચૂકવવામાં આવ્યો હતો. આ ચેક મૃતકના વારસદાર ધ્રુવિકકુમાર રતિભાઈ આદ્રોજાએ સ્વીકાર્યો હતો. આ તકે લાઠી તાલુકા પંચાયતના ચેરમેન હિંમતભાઈ એવિયા, ગામના સરપંચ વજુભાઈ નવાપરિયા, બેંક મેનેજર હેમુભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર-અમરેલી હાઈવે પર ડાયવર્ઝન વિના રસ્તો બંધ કરાતા કિસાન સંઘે આવેદનપત્ર આપ્યું

કોડીનાર,તા.૩૦

કોડીનાર-અમરેલી હાઈવે પર ઘાંટવડ અને જામવાળા વચ્ચેના પુલ પર તંત્ર દ્વારા બેરિકેડ લગાવીને મોટા વાહનો માટે રસ્તો બંધ કરાતા સ્થાનિકો, ખેડૂતો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વૈકલ્પિક ડાયવર્ઝનની વ્યવસ્થા ન કરાતા, ભારતીય કિસાન સંઘ, કોડીનાર દ્વારા મામલતદારને



તસવીર : કુલદીપ પાઠક

આવેદનપત્ર આપીને તાત્કાલિક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, ઘાંટવડ-જામવાળા રોડ પરના પુલ પર બેરિકેડ લગાવવાથી ખેડૂતોને પોતાના પાકને કોડીનાર માર્કેટિંગ યાર્ડ સુધી પહોંચાડવામાં મોટી સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. આ ઉપરાંત, આ વિસ્તારના ખેડૂતોના બાળકો જેઓ અભ્યાસ માટે અવરજવર કરે છે, તેમને પણ મુશ્કેલી પડી રહી છે કારણ કે એસ.ટી બસની સુવિધા પણ બંધ થઈ ગઈ છે. આથી સંઘના પ્રમુખ રામસિંહભાઈ પરમાર અને તાલુકા મંત્રી જસવંતસિંહ ઝાલાએ કોડીનાર મામલતદારને રૂબરૂમાં અને લેખિતમાં આવેદનપત્ર પણ પાઠવ્યું હતું.

# કુબડા ગામ પાસે વૈકલ્પિક રૂટ અંગે કલેકટરનું જાહેરનામુ બહાર પડ્યુ

અમરેલી,તા.૩૦

ધારી - કોડીનાર રોડ પરના કુબડા ગામ પાસેના પીલુકીયા નદી પરનો બ્રિજ જર્જરિત છે, વાહનચાલકોએ સલામતીના ભાગરુપે વૈકલ્પિક રુટ પરથી પસાર થવું. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ છે.ધારી તાલુકામાં, ધારી - દલખાણીયા વચ્ચે આવેલા અમરેલી - ધારી - કોડીનાર રોડ (સ્ટેટ હાઈવે- ૩૩) પીલુકીયા નદી પરના પીલુકીયા બ્રિજ પરથી પસાર થતાં ભારે વાહનો, થ્રી તથા ફોર વ્હીલર વાહનોની અવરજવર પર પ્રતિબંધ છે, વાહનોની અવરજવર માટે રુટ ડાઈવર્ટ કરવામાં આવ્યો છે. વૈકલ્પિક રુટ - ૧ મુજબ ધારીથી કોડીનાર તરફ જતા વાહનોએ ધારી કૃષિ જંકશન શાળા, કુબડા, ગોવિંદપુર, દલખાણીયા થઈ કોડીનાર રોડ પરથી પસાર થવું.વૈકલ્પિક રુટ - ૨ મુજબ કોડીનારથી ધારી તરફ આવતા પ્રતિબંધિત વાહનોએ દલખાણીયા, ગોવિંદપુર, કુબડા થઈ ધારી રોડ પરથી પસાર થવું.

# કોડીનાર તાલુકાનાં મિતિયાજની પંચાયત કચેરી રાત્રે પણ ખુલ્લી રહેશે

ગીર સોમનાથ,તા.૩૦

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાનું મિતિયાજ ગામ તેના નવનિયુક્ત સરપંચ સુરપાલસિંહ બારડ દ્વારા લેવાયેલા એક ક્રાંતિકારી નિર્ણય કારણે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. સરપંચ બારડે ખાસ તો ગામના ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને પંચાયત કચેરીને રાત્રિના સમયે પણ ખુલ્લી રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આજથી દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી મિતિયાજ ગ્રામ પંચાયતની ઓફિસ ખુલ્લી રહેશે. આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, જે



તસવીર : કુલદીપ પાઠક

ગ્રામજનો અને ખેડૂતો દિવસભર મજૂરીકામ અને ખેતીવાડીના કાર્યોમાં વ્યસ્ત રહેતા હોય છે, તેમને દિવસ દરમિયાન પંચાયત સંબંધિત કામગીરી માટે સમય મળી શકતો નથી. આ સુવિધાથી હવે તેઓ પોતાના દિવસભરના કામ બાદ પણ પંચાયતની સેવાઓનો સરળતાથી લાભ લઈ શકશે. સરપંચ બારડે જણાવ્યું કે, આ રાત્રિ સેવા દરમિયાન વિધવા સહાય, વૃદ્ધાવસ્થા પેન્શન, આરોગ્યલક્ષી યોજનાઓ, આધારકાર્ડ, રેશનકાર્ડ જેવી તમામ પ્રકારની યોજનાઓ સંબંધિત કામગીરી થઈ શકશે. ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નો જેવા કે જમીન સંબંધિત મુદ્દાઓ, સરકારી સહાય કે ખેતીવાડી સંબંધિત અન્ય કોઈપણ બાબતે નિરાકરણ મેળવી શકાશે.

# વડતાલ ગાદી દ્વારા સત્સંગ જ્ઞાન પરીક્ષા: ગીર સોમનાથ જિલ્લામાં ૩૭૦૦થી વધુ હરિભક્તોએ આપી પરીક્ષા

ગીર સોમનાથ,તા.૩૦

સ્વામિનારાયણ સંપ્રદાય, વડતાલ ગાદી (SVG) દ્વારા તા. ૨૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ સત્સંગ જ્ઞાન પરીક્ષાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિઆચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી યોજાયેલી આ પરીક્ષાનો મુખ્ય હેતુ બાળકો, યુવાનો અને વરિષ્ઠ ભક્તોને સનાતન શાસ્ત્રોનું આધ્યાત્મિક જ્ઞાન આપી જીવનમાં ઉતારવાનો હતો.



તસવીર : કુલદીપ પાઠક

આ પરીક્ષા રાજ્યભરમાં ૧૦૫ થી વધુ કેન્દ્રો પર યોજાઈ હતી, જેમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર, વેરાવળ, તાલાળા, ઉના અને સાસણ જેવા શહેરો અને ગામડાઓમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ભાગ લીધો. કુલ ૩૭૦૦ થી વધુ ભક્તોએ પરીક્ષા આપી, જેમાં ૨૨૨૫ થી વધુ બહેનો અને ૧૪૭૫ થી વધુ ભાઈઓનો સમાવેશ થાય છે. આ પરીક્ષામાં ૫ વર્ષના બાળકોથી લઈને ૮૦ વર્ષના વૃદ્ધ હરિભક્તો પણ જોડાયા હતા. મહારાષ્ટ્રના મુંબઈના પરાવિસ્તારોમાંથી પણ હરિભક્તોએ ભાગ લીધો. લાલજી મહારાજે સૌ હરિભક્તોને શુભેચ્છાઓ પાઠવી હતી.

**મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૨૧/૨૦૨૫

શ્રી સાર્થ ધનજીભાઈ કથીરીયા
મું.છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી,
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સાર્થ ધનજીભાઈ કથીરીયા દ્વારા તેમનો જન્મ તા.૨૬/૧૨/૨૦૦૬ના રોજ ગામ મોજેઃ છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૩ મી માહે : જુલાઈ સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# અમરેલીમાં ગૌહત્યા કેસ: આરોપીને ૭ વર્ષની સજા અને રૂ. ૧ લાખનો દંડ

અમરેલી,તા.૩૦

આજથી પાંચ વર્ષ પહેલા અમરેલીના ખાટકી વાડમાં, અવેશભાઈ ઉર્ફે કાળુ દાઉદભાઈ તરકવાડીયા પોતાના મકાને ગૌવંશની કતલ કરતા ઝડપાયો હતો. હેડ કોન્સ્ટેબલ હરેશસિંહ પરમારને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એમ.ડી. મકવાણા સહિત અમરેલી સીટી પોલીસ સ્ટાફે રેઈડ પાડી હતી. આ રેઈડમાં ૧૦૦



કિલો ગૌમાંસ અને કતલ કરવાના સાધનો સાથે આરોપી અવેશ મળી આવ્યો હતો. આ કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલતા, સ્પેશીયલ સરકારી વકીલ ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓને આધારે, સેશન્સ જજ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો હતો. આરોપી અવેશને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ હેઠળ ૭ વર્ષની સજા અને રૂ.૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. કોર્ટના આ ચુકાદાથી જીવદયાપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ગોંડલમાં રક્તદાન કેમ્પ યોજાયો

ગોંડલ, તા.૩૦

ખેડૂત આગેવાન અને માજી મંત્રી સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ રાદડીયાની આજે છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ઠેર ઠેર મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. ગોંડલ તાલુકા સહકારી પરિવાર, વિવિધ સામાજિક સંસ્થાઓ અને રોટરી કલબ ઓફ ગોંડલ દ્વારા પણ આ નિમિત્તે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે યુવા અગ્રણી ગણેશસિંહ જાડેજા, પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુકના પ્રતિનિધિ તરીકે સાવનભાઈ ધડુક, રાજકોટ ડિસ્ટ્રિક્ટ



તસવીર : દેવાંગ ભોજાણી

બેંકના ડિરેક્ટર પ્રવિણભાઈ રૈયાણી, ખેડૂત નેતા જગદીશભાઈ સાટોડીયા, ગોંડલ નાગરિક બેંકના ચેરમેન કિશોરભાઈ કાલરીયા, વા. ચેરમેન ઓમદેવસિંહ જાડેજા, નાગરિક બેંકના પૂર્વ ચેરમેન અશોકભાઈ પીપળીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૮/૨૫ તા.૨૫/૦૭/૨૦૨૫

વિવાદી- કીશોરભાઈ બાલુભાઈ વઘાસીયા,
રહે.ધરાઈ, તા. બાબરા, જિ.અમરેલી.
મો.૮૨૦૦૪ ૨૪૦૧૮

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ધરાઈ,બાબરા, ગ્રામ પંચાયત ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. ધરાઈ તા.બાબરાના રહીશ આ કામના અરજદારશ્રીની ભાણેજ રીયા એલ્વીશભાઈ ગજેરાનો જન્મ તા.૦૪/૧૦/૨૦૦૦ ના રોજ મોજે. ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૯/૨૫ તા.૨૫/૦૭/૨૦૨૫

વિવાદી- કાન્તાબેન બાલુભાઈ વઘાસીયા,
રે.ધરાઈ, તા. બાબરા, જિ.અમરેલી.
મો.૮૨૦૦૪ ૨૪૦૧૮

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ધરાઈ,બાબરા, ગ્રામ પંચાયત ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. ધરાઈ તા.બાબરાના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી રંજનબેન બાલુભાઈ વઘાસીયાનો જન્મ તા.૧૧/૦૭/૧૯૭૪ ના રોજ મોજે. ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૭૦/૨૫ તા.૨૫/૦૭/૨૦૨૫

વિવાદી- યોગેશભાઈ ભુપતભાઈ માળવીયા
રે.ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી.
મો. ૯૯૦૯૪ ૪૫૦૭૬

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ધરાઈ, બાબરા ગ્રામ પંચાયત ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. ધરાઈ તા.બાબરાના રહીશ આ કામના અરજદારશ્રી યોગેશભાઈ ભુપતભાઈ માળવીયાનો જન્મ તા.૨૭/૧૨/૧૯૮૯ ના રોજ મોજે- ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૪/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૪૮/૨૫ તા.૨૮/૦૭/૨૦૨૫

અરજદારઃ- (૧) શ્રી હરખાણી વલ્લભભાઈ ગોવિંદભાઈ
રહે. શાપર, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી ફારૂકભાઈ કે. ઠેબા રહે. બગસરા
મો.૯૬૦૧૫ ૯૧૪૮૧

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી,
શાપર, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાના શાપર ગામના રહીશ શ્રી હરખાણી વલ્લભભાઈ ગોવિંદભાઈ તેમના ભાઈશ્રી હરખાણી કિશોરકુમાર ગોવિંદભાઈનો જન્મ તા.૨૭/૦૫/૧૯૭૨ના રોજ બગસરા તાલુકાનાં શાપર ગામે થયેલ હોવાની નોંધ રજીસ્ટરે થવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આથી આ કામના અરજદારશ્રીના ભાઈશ્રીની જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવાના કામે ઉકત અરજદારશ્રી તથા સામાવાળા અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે બિનચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

# ૧ લી ઓગસ્ટથી ભારત પર ૨૫% ટેરિફ લાદવામાં આવશે : ડોનાલ્ડ ટ્રમ્પ

નવીદિલ્હી,તા.૩૦

તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નામને લઈને ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. વિપક્ષોએ મોદી સરકાર પર નિશાન તાકતા, વડાપ્રધાન મોદીએ ટ્રમ્પનું નામ લીધા વિના "દુનિયાના કોઈ નેતાએ ઓપરેશન સિંદૂર માટે મધ્યસ્થી કરી નથી" તેમ જણાવ્યું હતું. બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને બોલાવી ભારત-યુએસ ટેરિફ અંગે વાતચીત કરી હતી. એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે ભારતને "મિત્ર" ગણાવ્યું, પરંતુ ૨૫% ટેરિફ લાદવાની વાત પણ કરી. એક પત્રકારે પૂછ્યું કે શું ભારત ૨૦-૨૫% ટેરિફનો સામનો કરશે, ત્યારે ટ્રમ્પે સ્પષ્ટતા કરી કે "હા, ભારત ૨૫% ટેરિફ આપશે." તેમણે ભારતને હંમેશા મિત્ર ગણાવ્યું અને પાકિસ્તાન સાથે સીઝફાયર કરાવવામાં ભારતની વિનંતીનો ઉલ્લેખ કર્યો. જોકે, ભારત



સાથેની ટ્રેડ ડીલ હજુ ફાઇનલ ન થઈ હોવાનું ટ્રમ્પે જણાવ્યું હતું. તેમણે ભારતના ઊંચા ટેરિફ અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે "હવે આવું નહીં ચાલે." અમેરિકાએ ૧ ઓગસ્ટથી ભારતમાંથી આવતા માલ પર ૨૫% ટેરિફ અને પેનલ્ટી લાદવાનો નિર્ણય લીધો છે, કારણ કે ભારતની નીતિઓ અમેરિકન કંપનીઓ માટે મુશ્કેલી ઊભી કરે છે અને ભારત હજુ પણ મોટાભાગના શસ્ત્રો રશિયા પાસેથી ખરીદે છે. અગાઉ, અમેરિકાએ ડેરી પ્રોડક્ટ્સના બજારને ધ્યાનમાં રાખીને ભારત પર ટેરિફ લાગુ કરવાનો નિર્ણય સ્થગિત કર્યો હતો, પરંતુ હવે ટ્રેડ ડીલ ન થતા આ ટેરિફ લાગુ પડશે.

# ૨૦૦૫માં દિલ્હીમાં બોમ્બ વિસ્ફોટ, વારાણસી આતંકવાદી હુમલો છતાં તત્કાલીન સરકારે કોઈ પગલાં લીધાં નહીં : નડ્ડા

નવીદિલ્હી,તા.૩૦

રાજ્યસભામાં 'ઓપરેશન સિંદૂર' પર ખાસ ચર્ચા દરમિયાન, કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ અગાઉની કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર પર આતંકવાદ સામે લડવામાં બેદરકારી દાખવવાનો આરોપ લગાવ્યો. નડ્ડાએ કહ્યું કે ૨૦૦૫માં દિલ્હી શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ, ૨૦૦૬માં વારાણસી આતંકવાદી હુમલો



અને ૨૦૦૬માં મુંબઈ લોકલ ટ્રેન બોમ્બ વિસ્ફોટ છતાં, તત્કાલીન સરકારે કોઈ નક્કર પગલાં લીધાં ન હતા. પોતાના સંબોધનમાં, જે.પી. નડ્ડાએ કહ્યું, "મુદ્દો એ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે આતંકવાદ, વેપાર અને પર્યટન સાથે સાથે ચાલતા હતા." ૨૦૦૮ના જયપુર બોમ્બ વિસ્ફોટોનો ઉલ્લેખ કરતાં, તેમણે કોંગ્રેસ સરકારના તુષ્ટિકરણની મર્યાદાઓ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો. નડ્ડાએ કહ્યું કે ઇન્ડિયન મુજાહિદીન દ્વારા કરવામાં આવેલા આ વિસ્ફોટો પછી પણ, ભારત અને પાકિસ્તાન ચોક્કસ વિશ્વાસ નિર્માણના પગલાં પર સંમત થયા. તેમણે કડવા સ્વરમાં કહ્યું, "તેઓ અમારા પર ગોળીઓ ચલાવતા રહ્યા અને અમે તેમને બિરયાની ખવડાવતા ગયા." નડ્ડાએ એવો પણ આરોપ લગાવ્યો કે તત્કાલીન સરકારે નિયંત્રણ રેખા પાર કરવા માટે "ટ્રિપલ-એન્ટ્રી પરમિટ" ની મંજૂરી આપી હતી, જેનાથી આતંકવાદીઓની ઘૂસણખોરીને પ્રોત્સાહન મળ્યું.

# સંસદમાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા બાદ ભાજપ દેશભરમાં તિરંગા યાત્રા કાઢશે

નવીદિલ્હી,તા.૩૦

ઓપરેશન સિંદૂરના ઉત્સાહથી ભરપૂર, ભાજપ દેશભરમાં તિરંગા યાત્રા કાઢશે. ૧૦ થી ૧૪ ઓગસ્ટ સુધી દેશના દરેક વિભાગમાં તિરંગા યાત્રા કાઢવામાં આવશે. સંસદમાં ઓપરેશન સિંદૂર પર વિશેષ ચર્ચામાં પીએમ મોદી અને અન્ય વરિષ્ઠ નેતાઓ દ્વારા આપવામાં આવેલા ભાષણોનો પ્રચાર કરવામાં આવશે. ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી, તમામ ઘરો અને સંસ્થાઓ પર તિરંગો ફરકાવવામાં આવશે. સુરક્ષા દળો અને શહીદોની સાથે, ભારતના સંરક્ષણ સાધનોની પ્રશંસા કરતા પ્લેકાર્ડ પણ યાત્રામાં હશે. દેશભરમાં સ્વતંત્રતા સંગ્રામ સાથે સંબંધિત સ્મારકો, યુદ્ધ સ્મારકો અને મહત્વપૂર્ણ સ્થળોએ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. માહિતી અનુસાર, પોતાના જીવનનું બલિદાન આપનારા પોલીસકર્મીઓ, યોદ્ધાઓ અને શહીદોનું સન્માન કરવામાં આવશે.

# સિંધુ જળ સંધિને સ્થગિત કરવી એ સૌથી મહત્વપૂર્ણ નિર્ણય છે : વિદેશ મંત્રી જયશંકર

નવીદિલ્હી,તા.૩૦

સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાં પહેલગામ આતંકવાદી હુમલા અને 'ઓપરેશન સિંદૂર' પર વિગતવાર ચર્ચાના બીજા દિવસે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભાગ લીધો હતો. આ દરમિયાન, તેમણે રાજ્યસભાને સંબોધિત કરી. તેમણે પહેલગામ આતંકવાદી હુમલા પછીના વિકાસ, સરકાર



દ્વારા લેવામાં આવેલા પગલાં અને દેશની વિદેશ નીતિ વિશે વિગતવાર સમજાવ્યું. તેમણે વિપક્ષના આરોપો પર પણ વળતો પ્રહાર કર્યો. વિદેશ મંત્રીએ કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારત સરકાર દ્વારા ઘણા પગલાં લેવામાં આવ્યા હતા. આ અંતર્ગત, ઘણા રાજદ્વારીઓને પાછા મોકલવામાં આવ્યા હતા અને પાકિસ્તાની નાગરિકોને પાછા મોકલવામાં આવ્યા હતા. સૌથી મહત્વપૂર્ણ પગલું સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનું હતું. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું, 'સિંધુ જળ સંધિ ઘણી રીતે એક અનોખી સમજૂતી છે. હું દુનિયામાં આવા કોઈ કરાર વિશે સાંભળી શકતો નથી અથવા વિચારી શકતો નથી જ્યાં કોઈ દેશે તેની મુખ્ય નદીઓને તે નદી પર અધિકાર વિના બીજા દેશમાં વહેવા દીધી હોય. તેથી તે એક અસાધારણ સમજૂતી હતી અને જ્યારે આપણે તેને સ્થગિત કરી દીધી છે, ત્યારે આ ઘટનાનો ઇતિહાસ યાદ રાખવો મહત્વપૂર્ણ છે.

# દિલ્હીમાં ૧૦ મિનિટ વરસાદથી સરકારની તૈયારીઓ ખુલ્લી પડી : અરવિંદ કેજરીવાલ

નવીદિલ્હી,તા.૩૦

આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વરસાદમાં દિલ્હીની વહીવટી તૈયારીઓ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં માત્ર ૧૦ મિનિટ વરસાદ પડ્યો હતો, પરંતુ આ સમય દરમિયાન તૈયારીઓ ખુલ્લી પડી ગઈ. રાજધાનીના સૌથી વીઆઈપી અને સૌથી મોંઘા વિસ્તાર ગણાતું કનોટ પ્લેસ પાણીમાં ડૂબી ગયું. રસ્તાઓ તળાવ બની ગયા, ટ્રાફિક વ્યવસ્થા ઠપ્પ થઈ ગઈ અને સામાન્ય લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. અરવિંદ કેજરીવાલે આ સમગ્ર મામલે ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે જ્યારે દિલ્હીના હૃદય કનોટ પ્લેસની આ હાલત છે, ત્યારે બાકીના દિલ્હીની હાલતની કલ્પના કરવી મુશ્કેલ નથી. માત્ર ૧૦ મિનિટના વરસાદમાં રસ્તાઓ તળાવ બની ગયા છે. આ સાથે તેમણે કહ્યું કે ૫ મહિનામાં દિલ્હી ક્યાં ઊભી છે.

# વિધાનસભાની ચૂંટણી પહેલા બિહારમાં આશા અને મમતા કાર્યકરોના માનદ વેતનમાં વધારો કરવાનો નિર્ણય

(એચ.એસ.એલ),પટણા,તા.૩૦

બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલા, મુખ્યમંત્રી નીતિશ કુમારે જનતા માટે તિજોરી ખોલી દીધી છે. મુખ્યમંત્રી નીતિશ એક પછી એક ઘણી લોભામણી જાહેરાતો કરી રહ્યા છે. મફત વીજળી, મહિલા અનામત, સરકારી ભરતી અને યુવા આયોગની રચના જેવા ઘણા નિર્ણયોની બિહારમાં સતત ચર્ચા થઈ રહી છે. હવે સીએમ



નીતિશ કુમારે બિહારમાં આશા અને મમતા કાર્યકરોને પણ મોટી ભેટ આપી છે. સરકારે તેમના માનદ વેતનમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. નીતિશ કુમારે કહ્યું - "નવેમ્બર ૨૦૦૫ માં સરકાર બન્યા પછી, અમે આરોગ્ય સેવાઓ સુધારવા માટે મોટા પાયે કામ કર્યું છે. આશા અને મમતા કાર્યકરોએ ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આને ધ્યાનમાં રાખીને અને ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવામાં આશા અને મમતા કાર્યકરોના મહત્વપૂર્ણ યોગદાનને માન આપીને, તેમના માનદ વેતનમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# હૈદરાબાદ નજીક આવેલા એક ફાર્મહાઉસમાં ૧૨ બોક્ષમાંથી ૧૧ કરોડ રૂપિયા જપ્ત કરી સીઆઈડી

હૈદરાબાદ,તા.૩૦

આંધ્રપ્રદેશ સીઆઈડી અધિકારીઓએ હૈદરાબાદને અડીને આવેલા રંગારેડ્ડી જિલ્લાના શમશાબાદ મંડળના કચારમ ખાતે સ્થિત સુલોચના ફાર્મહાઉસમાંથી મોટી રકમ જપ્ત કરી છે. ૧૨ બોક્સમાં લગભગ ૧૧ કરોડ રૂપિયા હોવાનું જાણવા મળે છે. જપ્ત કરાયેલી રોકડ આંધ્રપ્રદેશમાં દારૂ કૌભાંડ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. સીઆઈડી અધિકારીઓ મધ્યરાત્રિએ ફાર્મહાઉસ પહોંચ્યા અને ૧૨ બોક્સમાં રાખેલા ૧૧ કરોડ રૂપિયા જપ્ત કર્યા. સ્થાનિક પોલીસને જાણ કર્યા પછી, આંધ્રપ્રદેશ CID અધિકારીઓ રોકડ આંધ્રપ્રદેશ લઈ ગયા. ચાલો જાણીએ કે આ દારૂ કૌભાંડ શું છે અને અત્યાર સુધી તેના વિશે શું જાણવા મળ્યું છે. આ કેસની



તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ અનુસાર, આંધ્રપ્રદેશમાં વાયએસઆર કોંગ્રેસ પાર્ટી સરકારના કાર્યકાળ દરમિયાન ૩,૨૦૦ કરોડ રૂપિયાનું મોટું દારૂ કૌભાંડ થયું હોવાનું કથિત છે. પોલીસે આ કૌભાંડમાં તત્કાલીન મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીના ભૂતપૂર્વ આઈટી સલાહકાર કેસી રેડ્ડી રાજા શેખર રેડ્ડી પર આરોપ લગાવ્યો છે. એસઆઈટીએ ૨૧ એપ્રિલના રોજ હૈદરાબાદ એરપોર્ટ પર રાજની ધરપકડ કરી હતી.

# સુરતના ઉધનામાંથી બનાવટી ચલણી નોટ કૌભાંડમાં ગુજરાત ATSએ આરોપીને ઝડપી પાડયો

અમદાવાદ,તા.૩૦

હાલમાં જ અમદાવાદ ATSએ બનાવટી ચલણી નોટ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડમાં જ ATS ને ગણતરીના દિવસોમાં મોટી સફળતા મળી છે. બનાવટી ચલણી નોટ કેસમાં એટીએસની ટીમે વોન્ટેડ આરોપીને દબોચી લીધો છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. ગુજરાત ATSની ટીમે ૨૨



જુલાઈના રોજ સુરત ઉધના ખાતેથી બનાવટી ભારતીય ચલણી નોટ ઝડપી પડી હતી. અધિકારીઓની ટીમ એ ઉધના રેલ્વે સ્ટેશનથી સત્ય નારાયણ દેવીલાલ તેલી નામના શખ્સની ભારતીય બનાવટી ચલણી નોટો સાથે ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું કે, સત્યનારાયણ તેલી પાસેથી ૧ લાખ ૫૯ હજારની ૫૦૦ રુપિયાની બનાવટી ચલણી નોટો કબજે કરવામાં આવી હતી.

# સૌથી મોંઘા સેટેલાઈટ 'નિશાર'ની સફળ ઉડાન

હૈદરાબાદ,તા.૩૦

સૌથી મોંઘો અને શક્તિશાળી અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ NISAR બુધવાર, ૩૦ જુલાઈના રોજ લોન્ચ કરવામાં આવ્યો. તેને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સાંજે ૫:૪૦ વાગ્યે GSLV-F૧૬ રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. આ રોકેટે NISARને ૭૪૩ કિમીની ઊંચાઈએ ૯૮.૪ ડિગ્રીના ઝોક સાથે સન-સિન્ક્રોનસ ભ્રમણકક્ષામાં મૂક્યો. તેમાં લગભગ ૧૮ મિનિટ લાગી. આ ઉપગ્રહ નાસા અને ISRO દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવ્યો છે. NISAR ૭૪૭ કિમીની ઊંચાઈએ ધ્રુવીય ભ્રમણકક્ષામાં ફરશે. ધ્રુવીય ભ્રમણકક્ષા એ એક ભ્રમણકક્ષા છે જેમાં ઉપગ્રહ પૃથ્વીના ધ્રુવો પરથી પસાર થાય છે. આ મિશનનો સમયગાળો ૫ વર્ષ છે.

# બુર્કિના ફાસોમાં આતંકવાદીઓએ એક આર્મી બેઝ પર કરેલા ભીષણ હુમલામાં લગભગ ૫૦ સૈનિકોના મોત

લાગોસ,તા.૩૦

બુર્કિના ફાસોના ઉત્તરીય ભાગમાં સ્થિત ડાર્ગોમાં એક આર્મી બેઝ પર થયેલા ભીષણ હુમલામાં લગભગ ૫૦ સૈનિકોએ જીવ ગુમાવ્યા. આ માહિતી એક સ્થાનિક સમુદાયના નેતા અને એક રહેવાસીએ આપી હતી. બંનેએ પોતાની ઓળખ છુપાવવાની શરતે આ વાત કહી કારણ કે તેઓ લશ્કરી અધિકારીઓથી ડરતા હતા. આ હુમલો સોમવારે



બુલ્સા પ્રાંતના ડાર્ગોમાં થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ હુમલા પાછળ જેહાદી સંગઠન જમાત નસર અલ-ઇસ્લામ વાલ-મુસ્લિમીનનો હાથ હોઈ શકે છે. સૂત્રો અનુસાર, લગભગ ૧૦૦ સશસ્ત્ર આતંકવાદીઓએ આ હુમલો કર્યો. હુમલાખોરોએ પહેલા આર્મી બેઝ પર હુમલો કર્યો અને સૈનિકોને નિશાન બનાવ્યા, પછી બેઝને લૂંટી લીધો અને આગ લગાવી દીધી. બુર્કિના ફાસોની લશ્કરી સરકારે હજુ સુધી આ હુમલા અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

# ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરશે : ૨૧ નવેમ્બરે પ્રથમ ટેસ્ટ રમાશે

નવીદિલ્હી,તા.૩૦

ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમ હાલમાં ભારત સામે ૫ ટેસ્ટ શ્રેણી રમી રહી છે, પરંતુ આ પછી તેનું આગામી મોટું મિશન ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ હશે. ક્રિકેટની સૌથી પ્રતિષ્ઠિત શ્રેણીઓમાંની એક, એશિઝ ૨૦૨૫, ૨૧ નવેમ્બરથી પર્થમાં શરૂ થવા જઈ રહી છે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે આ બહુપ્રતિક્ષિત ૫ ટેસ્ટ મેચની શ્રેણી ૨૧ નવેમ્બર ૨૦૨૫ થી ૮ જાન્યુઆરી ૨૦૨૬




દરમિયાન રમાશે. આ શ્રેણી દરમિયાન ૨ દિવસની ગુલાબી બોલ મેચ પણ રમાશે. ખરેખર, એશિઝ ૨૦૨૫ ની પહેલી મેચ ૨૧ થી ૨૫ નવેમ્બર દરમિયાન પર્થમાં રમાશે. આ પછી, ઈંગ્લેન્ડ એ ટીમ ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ મનુકા ઓવલ (કેનબેરા) ખાતે પ્રાઈમ મિનિસ્ટર એ સામે બે દિવસીય ડે-નાઈટ મેચ રમશે. આ વર્ષે, ઈંગ્લેન્ડ ટીમ ૧૧મી વખત પીએમ એ સામે ટકરાશે, જે ગુલાબી કૂકાબુરા બોલથી રમાતી પહેલી મેચ હશે. આ પછી, એશિઝની બીજી ટેસ્ટ મેચ ૪ ડિસેમ્બરથી બ્રિસ્બેનમાં રમાશે. શ્રેણીની ત્રીજી મેચ ૧૭ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન એડિલેડમાં રમાશે, જે ડે-નાઈટ ટેસ્ટ હોઈ શકે છે. ચોથી ટેસ્ટ ૨૬ થી ૩૦ ડિસેમ્બર દરમિયાન મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બોક્સિંગ ડે ટેસ્ટ તરીકે રમાશે.

# ગીરના જંગલમાં દબદબો ધરાવનાર જય-વીરુ નામના બે નર સિંહના મોતથી અરેરાટી

જૂનાગઢ,તા.૩૦

ગીર જંગલમાં ખુમારી અને અસલ અદા ભર્યા એક દશકા કરતા પણ વધારેના શાસનનો આજે જયના મોત બાદ અંત આવ્યો છે. ગીર જંગલમાં સૌથી મોટા વિસ્તારમાં દબદબો ધરાવતા જય અને વીરુ નામના બે નર સિંહ અલગ-અલગ ઇન્ફાઈટમાં ઘાયલ થયા હતા. જેમાં ૧૨મી જૂને વીરુનું મોત થયું હતું તો ૨૯મી જુલાઈના દિવસે લાંબી સારવાર બાદ જયનું



પણ મોત થતા સિંહપ્રેમીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. એક દસકાના શાસનનો જયના મોત બાદ અંત આવ્યો છે. ગીર કે જેના સિંહને માલધારીઓ અને પ્રવાસીઓની સાથે સિંહપ્રેમીઓ અને વન વિભાગના અધિકારીઓ નામથી ઓળખતા હતા. આવી જ એક પ્રખ્યાત જય અને વીરુ નર સિંહની જોડી જેણે એક દસકા કરતા પણ વધારે સમય સુધી ગીર વિસ્તારના સૌથી લાંબા વિસ્તાર પર દબદબા ભર્યા શાસનનો આજે જયના મોત બાદ અંત આવ્યો છે. જૂન મહિનામાં ગીર જંગલ વિસ્તારમાં બે અલગ અલગ ઇન્ફાઈટની ઘટનામાં જય અને વીરુ ખૂબ જ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ બંને ઘાયલ નર સિંહને સાસણ એનિમલ સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં ખૂબ ટૂંકી સારવાર બાદ વીરુનું મોત ૧૨મી જૂનના દિવસે થતા સમગ્ર ગીર જંગલમાં ઘેરો શોક છવાયો હતો. સાથે સાથે સારવારમાં રહેલ વીરુ ઝડપથી તંદુરસ્ત બનીને ફરી તેના વિસ્તારમાં ગ્રુપ સાથે જોવા મળે તેવી સૌ કોઈ આશા રાખી રહ્યા હતા.

# મુસાફરોને વધુ સુવિધા મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫૧ એસ.ટી. બસને લીલી ઝંડી આપી

ગાંધીનગર,તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરેક નાગરિકને ઉચ્ચ ગુણવત્તાની, સમયસર અને સુરક્ષિત પરિવહન સેવા મળી રહે તે માટે સતત નવીન ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને બસોના આધુનિકીકરણ માટે વાહન વ્યવહાર વિભાગનું દિશાદર્શન કર્યું છે. મુખ્યમંત્રીએ નાગરિકો માટે બસ સેવાઓને વધુ સુવિધાસભર બનાવવાના હેતુથી એસ.ટી. નિગમની નવી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસોને લીલી ઝંડી ફરકાવીને વિવિધ રૂટ માટે પ્રસ્થાન કરાવ્યું હતું. વાહનવ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા આ નવી બસોનો લોકાર્પણ સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. મુખ્યમંત્રીએ છેવાડાના માનવી સુધી અસરકારક પરિવહન સેવાઓ સાથે સૌને સુગમ-સુખદ સફરની અનુભૂતિ કરાવવાની દિશામાં સતત આગળ વધતા આજે એસ.ટી.ની વધુ ૧૫૧ બસોનો પ્રારંભ કરાવ્યો હતો. આ વર્ષના બજેટમાં રાજ્ય સરકારે કુલ ૧૯૬૩ નવી બસોની ખરીદીની મંજૂરી આપી છે. નાગરિકોને વધુ આરામદાયક, સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા મળી રહે તે માટે આ બસો રાજ્યના તમામ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

**સિંહબાળના મોત અંગે એનિમલ ડોકટરોની ટીમ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા**

# જાફરાબાદના કાગવદર ગામની સીમમાં બે સિંહબાળના ભેદી મોત

**રોગચાળાની આશંકા વચ્ચે ૧૧ સિંહોનું રેસ્ક્યુ કરી પાંજરે પૂર્યા**

અમરેલી,તા.૩૦

જાફરાબાદ તાલુકાના કાગવદર સીમ વિસ્તારમાં બે સિંહબાળના શંકાસ્પદ રીતે મોત થતાં ભેદી રોગચાળાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટના બાદ વનવિભાગ દ્વારા ૧૧ સિંહોનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં ૯ સિંહબાળ અને ૧ સિંહણને પાંજરે પૂરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જે સિંહબાળનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે તેમની હાલત અત્યંત નાજુક છે. ૨ સિંહબાળના શંકાસ્પદ મોત અને અન્યની નાજુક હાલત જોતા વનવિભાગમાં ચિંતા વ્યાપી છે અને સિંહબાળમાં કોઈ ભેદી રોગચાળો ફાટી નીકળ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મામલે પાલીતાણા શેત્રુંજી ડિવિઝન હેઠળ આવતી જાફરાબાદ રેન્જમાં વનવિભાગ દોડતું થયું છે. જાફરાબાદ તાલુકામાં રેવન્યુ વિસ્તાર, માઈન્સ વિસ્તાર અને ઉદ્યોગોમાં વસવાટ કરતા સિંહોના સ્કેનિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. વનવિભાગ દ્વારા આ અંગે તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. સિંહબાળના સેમ્પલ લેવામાં આવશે અને એનિમલ ડોક્ટરની ટીમ દ્વારા તેમના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવશે.

**ડીસીએફ જયન પટેલે ફોન ઉપાડવાની પણ તસ્દી લીધી નહી**

**જાફરાબાદનો વન વિસ્તાર પાલીતાણા શેત્રુંજી ડિવિઝન હેઠળ આવે છે. જો કે સિંહબાળના મોત ભેદી રોગચાળાથી થયા છે કે કેમ? તે બાબતે ડીસીએફ જયન પટેલને ફોન કરવામાં આવતા તેમણે ફોન ઉપાડવાની તસ્દી પણ લીધી નહોતી. આવી ગંભીર ઘટના બનતા વન અધિકારીઓ જ ફોન ઉપાડે નહી ત્યારે તેમની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.**

**અલ કાયદાના ચાર આતંકવાદીઓ પાસેથી મળેલા સંકેતોના આધારે**

# અલ કાયદા સાથે સંકળાયેલ આતંકવાદી મોડ્યુલના મુખ્ય કાવતરાખોરની ધરપકડ કરતું ગુજરાત એટીએસ

અમદાવાદ,તા.૩૦



ગુજરાત એટીએસએ અલ કાયદા સાથે સંકળાયેલા આતંકવાદી મોડ્યુલના મુખ્ય કાવતરાખોરની ધરપકડ કરી છે. અલ કાયદા સાથે જોડાયેલી કાવતરાખોર શમા પરવીનની ગુજરાત એટીએસ દ્વારા બેંગલુરુથી ધરપકડ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે એટીએસ દ્વારા ધરપકડ કરાયેલા અલ કાયદાના ચાર આતંકવાદીઓ પાસેથી મળેલા સંકેતોના આધારે આ ધરપકડ કરવામાં આવી છે. આ બાબતે ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, એટીએસએ અલ કાયદા ભારતીય ઉપખંડના પહેલા ચાર આતંકવાદીઓની ધરપકડ કરી છે. ગુજરાત એટીએસને મંગળવારે બીજી મોટી સફળતા મળી છે. બેંગલુરુથી એક મહિલાની એટીએસ દ્વારા ધરપકડ કરાઈ છે. આ આતંકવાદી ખાસ કરીને ખૂબ જ કટ્ટરપંથી છે. ઓનલાઈન ટેરર મોડ્યુલ પર કામ કરે છે. તેના મહત્વપૂર્ણ પાકિસ્તાની સંપર્કો છે જે તેના વિવિધ ઉપકરણોમાંથી મળી આવ્યા છે. ગુજરાત એટીએસની પોલીસિંગ દ્વારા, ઓનલાઈન ટેરર મોડ્યુલ પર કામ કરતા અલ કાયદા ભારતીય ઉપખંડના ૫ મહત્વપૂર્ણ આતંકવાદીઓને ધરપકડ કરવામાં સફળતા મળી છે.' તમને જણાવી દઈએ કે તાજેતરમાં ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી એટલે કે

**બેંગ્લોરથી એક મહિલાની પણ ધરપકડ કરવામાં આવી**

એટીએસએ એક મોટું ઓપરેશન હાથ ધર્યું હતું અને અલ કાયદાના મોડ્યુલ એકયુઆઈએસ (ભારતીય ઉપખંડમાં અલ કાયદા)નો પર્દાફાશ કર્યો હતો. આ ઓપરેશનમાં એટીએસએ ચાર શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. આ ધરપકડો ગુજરાતમાંથી ૨, દિલ્હી અને નોઈડામાંથી એક-એક કરવામાં આવી હતી. આ ધરપકડ કરાયેલા ચાર આતંકવાદીઓ ૨૦ થી ૨૫ વર્ષની વય જૂથના છે.






# ભાવનગરના મેયર ભરત બારડે આત્મવિલોપનની ચીમકી આપતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૩૦

ગુજરાતના ભાવનગર શહેરના રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચી ગઈ છે, કારણ કે શહેરના મેયર અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ નેતા ભરત બારડે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે. આ ઘટનાએ ભાજપના આંતરિક રાજકારણમાં નવો વિવાદ જન્માવ્યો છે, જેના કારણે પાર્ટીની અંદરની જૂથબાજી ખુલ્લેઆમ સામે આવી છે.



ભરત બારડે ભાવનગર મહાનગરપાલિકાના લારી-ગલ્લા વિભાગમાં થતા ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે આ વિભાગમાં ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારના આરોપો સામે ઉગ્ર વાંધો ઉઠાવ્યો, જેના કારણે પાર્ટીના અમુક આગેવાનો સાથે તેમનો સંઘર્ષ વધ્યો. મેયરના આક્ષેપો અનુસાર, આ ભ્રષ્ટાચારમાં ભાજપના કેટલાક નેતાઓની સંડોવણી હોવાનું પણ સૂચવાયું છે, જેના કારણે પાર્ટીની અંદર તણાવ વધ્યો છે. વિવાદનું એક નવું પાસું એ પણ સામે આવ્યું છે કે મેયર ભરત બારડને હનીટ્રેપમાં ફસાવવાનો કથિત પ્રયાસ કરવામાં આવ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. આ ઘટનામાં ભાજપના જ કેટલાક આગેવાનોની સંડોવણી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આવા ગંભીર આક્ષેપોએ ભાજપની અંદરના જૂથો વચ્ચેના ઘર્ષણને વધુ તીવ્ર બનાવ્યું છે. મેયરે પોતાની વોટ્સએપ પોસ્ટમાં આ મુદ્દે પણ નારાજગી વ્યક્ત કરી હતી, જેના કારણે પાર્ટીના અન્ય નેતાઓ પર દબાણ વધ્યું છે.

# કોમી એકતા : રાજકોટના મુસ્લિમ યુવાનનો શ્રાવણ માસમાં રોજ શિવમંદિરે જળાભિષેક



રાજકોટ,તા.૩૦

મુસ્લિમ બિરાદર અહેસાનભાઈ ચૌહાણ કોમી-એકતામાં માને છે. જેથી ભાઈચારાની લાગણી ફેલાય અને લોકો એક બનીને રહે. શિવજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને કારણે તેઓ છેલ્લા ૩૩ વર્ષથી દરેક શ્રાવણ માસમાં દરરોજ ૧૦.૫ કિલોમીટર દૂર ઈશ્વરીયા મહાદેવના મંદિરે પગપાળા જઈને પૂજા કરે છે. એટલું જ નહીં, તેઓ શ્રાવણ મહિનાના સોમવારે વૃદ્ધ લોકોને સોમનાથ મહાદેવના દર્શન પણ કરાવે છે.

# રાજકોટમાં બોન્ડ ભરવાના નામે નિવૃત્ત ફોરેસ્ટ ઓફિસરને લાખો રૂપિયાનો ચૂનો

**જુદા-જુદા બેંક ખાતામાં રકમ મેળવી છેતરપિંડી આચરી**

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૩૦

૬૩ વર્ષીય સૂર્યકાંત રાઠોડ નામના નિવૃત્ત ફોરેસ્ટ ઓફિસર દ્વારા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર ખાતે અજાણ્યા વોટ્સએપ નંબર તેમજ અજાણ્યા બેંક એકાઉન્ટધારક વિરુદ્ધ બીએનએસની કલમ ૩૧૬ (૨), ૩૧૮(૪) તેમજ આઈટી એક્ટની કલમ મુજબ ગુનો નોંધાવવામાં આવ્યો છે. અજાણ્યા વ્યક્તિએ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) ની ખોટી ઓળખ આપી સૂર્યકાંત રાઠોડના નામે બે સિમકાર્ડ હોય જે સિમકાર્ડનો ઉપયોગ થતો હોવાનું જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ અન્ય વ્યક્તિએ પોતાની ઓળખ મહારાષ્ટ્ર ક્રાઈમ ઓફિસર તરીકેની આપી હતી. તેમજ બોન્ડ ભરવાના નામે ૮,૯૩,૦૨૩ રૂપિયા જેટલી રકમ જુદા જુદા બેંક એકાઉન્ટમાં મેળવીને છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

# ગીરગઢડાના કાણકીયા ગામે જંગલી પ્રાણીએ ૬૦વર્ષીય વૃધ્ધા પર હુમલો કરતા મોત

(એચ.એસ.એલ),ગીરગઢડા,તા.૩૦

ગુજરાતના ગીર ગઢડા તાલુકાના કાણકિયા ગામના નવાપરા વિસ્તારમાં એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે, જેમાં એક જંગલી પ્રાણીએ ૬૦ વર્ષીય વૃદ્ધા પર હુમલો કરી તેમનું જીવલેણ મોત નિપજાવ્યું છે. મૃતકની ઓળખ કમળાબેન પુરાણદાસ દેસાણી તરીકે થઈ છે. આ ઘટનાએ સ્થાનિક સમુદાયમાં ભય અને આઘાતનો માહોલ સર્જ્યો છે, જ્યારે જસાધાર વન વિભાગે તપાસ શરૂ કરી છે. આ ઘટના વહેલી સવારે બની જ્યારે કમળાબેન તેમના ઘરની બહાર બેઠા હતાં. અચાનક એક જંગલી પ્રાણીએ, જે સિંહ કે દીપડો હોવાની આશંકા છે, તેમના પર હિંસક હુમલો કર્યો. હુમલાખોર





પ્રાણીએ વૃદ્ધાને ફાડી ખાધા બાદ તેમને જંગલ તરફ ખેંચી લઈ ગયું. સ્થાનિક લોકોને ઘટનાની જાણ થતાં તાત્કાલિક વનવિભાગને સૂચના આપી, પરંતુ ત્યાં સુધીમાં કમળાબેનનું મોત નિપજી ચૂક્યું હતું. આ ઘટનાએ નવાપરા અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોમાં ભયનો માહોલ સર્જ્યો છે. ગીર જંગલની નજીક આવેલા આ ગામોમાં જંગલી પ્રાણીઓના હુમલાની ઘટનાઓ અગાઉ પણ બની છે, પરંતુ આવી ભયાનક ઘટનાએ સ્થાનિકોને વધુ સતર્ક કરી દીધા છે.

# સુરક્ષિત શહેરોમાં અમદાવાદે ભારતમાં પ્રથમ અને એશિયામાં ૨૯મુ સ્થાન મેળવ્યું

અમદાવાદ,તા.૩૦

અમદાવાદે ગુજરાતના ગૌરવમાં ફરી વધારો કર્યો છે. ભારતના સૌથી વધુ સુરક્ષિત શહેર તરીકે અમદાવાદનું નામ જાહેર કરવામાં આવ્યું છે. નમ્બિઓહ (જીવનનિર્વાહના ખર્ચ, રિયલ એસ્ટેટના ભાવ અને જીવનની ગુણવત્તાના આંકડાઓનો ક્રાઉડ-સોર્સ્ડ ઓનલાઈન ડેટાબેઝ એજન્સી) દ્વારા ક્રાઈમ અને સેફ્ટી ઈન્ડેક્સ રિપોર્ટમાં અમદાવાદને ભારતના સુરક્ષિત શહેરમાં પ્રથમ સ્થાન આપ્યું છે. જો કે સરકારી આંકડા વિપરીત પણ હોઈ શકે છે. તાજેતરમાં નમ્બિઓહનો ક્રાઈમ એન્ડ સેફ્ટ ઈન્ડેક્સ રિપોર્ટ ૨૦૨૫ જાહેર કરવામાં આવ્યો હતો. નમ્બિઓહ એ વિશ્વભરના શહેરો અને દેશો વિશેના વપરાશકર્તાઓ દ્વારા પ્રદાન કરાયેલા ડેટાની વિશ્વની સૌથી મોટી ડેટાબેઝ છે. નમ્બિઓહ વિશ્વની રહેવાની સ્થિતિ વિશે વર્તમાન અને સમયસર માહિતી પૂરી પાડે છે જેમાં જીવન ખર્ચ, રહેઠાણ સૂચકાંકો, આરોગ્ય સંભાળ, ટ્રાફિક, ગુના અને પ્રદૂષણનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્રએ કારથી ટક્કર મારતા એક્ટિવાચાલકનું મોત

અમદાવાદ,તા.૩૦

રફતારના રસિકોના તોફાન હજુ પણ થમી નથી રહ્યા. અમદાવાદમાં ફરી એક વાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. શાહીબાગમાં, કુખ્યાત દારૂ તસ્કર કિશોર લંગડાના પૌત્રએ એક મોંઘી કાર સાથે એક નિર્દોષ એક્ટિવાચાલકને ટક્કર મારીને મોતને ઘાટ ઉતારી દીધો. ડ્રાઈવરે એક્ટિવાચાલકને પૂરપાટ ઝડપે ટક્કર મારી, જેના કારણે એક્ટિવાચાલક નજીકમાં ઉભેલી રિક્ષા સાથે અથડાયો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું. કારમાં હથિયારો સાથે સવાર યુવકનો વીડિયો પણ વાયરલ થયો છે. આ કારચાલકે અસારવાના રહેવાસી મહેન્દ્ર ગોહિલ શાહીબાગના સરદાર પટેલ સ્મારકથી એક્ટિવા લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન, કાળા રંગની ફોર્ચ્યુનર કારમાં આવી રહેલા આદિત્ય સિંહ રાઠોડે પૂરપાટ ઝડપે મહેન્દ્રભાઈને ટક્કર મારી હતી, જેના કારણે મહેન્દ્રભાઈ એક્ટિવા સાથે રસ્તાની બાજુમાં ઉભેલી રિક્ષા સાથે અથડાઈ ગયા. માથામાં ગંભીર ઈજાઓ થવાને કારણે મહેન્દ્રભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.